જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધન સાથે બજેટ સત્ર ૨૦૧૯નો પ્રારંભ

ગરીબોના ઉત્થાન અને ન્યુ ઈન્ડિયા માટે સરકારે કામ કર્યું: રાષ્ટ્રપતિ



ન્યુ દિલ્હી

સંસદમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી બજેટ સત્રની શરૂઆત કરવામાં આવી છે. તેમણે તેમના ભાષણમાં કહ્યું કે, મારી સરકારે એક નવા ભારતનું સપનું જોયું છે. વર્ષ ૨૦૧૪માં ચૂંટણી પહેલાં દેશ અનિશ્ચિતતાઓમાંથી પસાર થઈ રહ્યો હતો પરંતુ મારી સરકારે સત્તામાં આવતા જ એક નવા ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે. તેમણે ભ્રષ્ટાચાર મુક્ત ભારતનો નિર્ણય કર્યો છે. જ્યાં દરેક ગામમાં ગેસ, દરેકને શિક્ષણ, દરેકને રોજગાર સાથે સરકારે તેમના લક્ષ્યાંકો અને યોજનાઓ નક્કી કરી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, સરકારે પ્રક્રિયાઓને સરળ બનાવવા માચે ૫૯ મિનિટમાં એક કરોડ રૂપિયા સુધીની લોન આપવાની વ્યવસ્થા કરી છે. ડિજિટલ ઈન્ડિયા પર ઝડપથી કામ થઈ રહ્યું છે. ૪૦ હજાર ગ્રામ પંચાયતોમાં વાઈ-ફાઈ લાગી ચૂક્યું છે. ૧ લાખ ૧૬ હજાર ગામડાઓમાં ઓપ્ટિકલ ફાઈબર પહોંચી ચૂક્યું છે. ભીમ એપ દ્વારા મોટી સંખ્યામાં ડિજિટલથી લેણ-દેણ શરૂ થઈ ગઈ છે. છેલ્લા સાડાચાર વર્ષમાં સરકારે ભ્રષ્ટાચાર સામે લડાઈ લડી છે. સરકારે વિદેશમાં જમા બ્લેકમની લાવવા માટે ઘણાં દેશ સાથે સમજૂતી કરી છે. નોટબંધીએ બ્લેકમની સાથે જોડાયેલા લોકોની કમરતોડી નાખી છે. ૩ લાખથી વધારે નકલી કંપનીઓને બંધ કરવામાં આવી છે. ૮ કરોડ નકલી લાભાર્થીઓના નામ હટાવવામાં આવ્યા છે. જીએસટીથી એક દેશ, એક ટેક્સની વ્યાખ્યા સફળ થઈ છે. સરકારે વેપારી જગતથી મળી રહેલા સૂચનોને સામેલ કરીને જીએસટીમાં સુધારો કર્યો છે. કોલસા ખાણોની ફાળવણીમાં પારદર્શકતા લાવવામાં આવી છે.

રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું કે, સરકાર ગરીબ મહિલાઓ અને બાળકોમાં કુપોષણના પડકારને ખતમ કરવા પ્રતિબદ્ધ છે. તે માટે મિશન ઈન્દ્ર ધનુષ અંતર્ગત પૂર્ણ રસીકરણ કરવામાં આવી રહ્યું છે. નવી-નવી મેડિકલ કોલેજો ખોલવામાં આવી રહી છે અને સમગ્ર દેશમાં એમ્સ બનાવવામાં આવી રહી છે. ગામડાઓમાં ડોક્ટરની અછતને દૂર કરવા મેડિકલના અભ્યાસમાં ૩૧ હજાર નવી સીટો વધારવામાં આવી છે. ગયા વર્ષે દેશના ૫૦ કરોડ ગરીબો માટે ગંભીર બીમારીની સ્થિતિમાં દરેક પરિવારને વર્ષે રૂ. ૫ લાખ સુધીનો બીમારી ખર્ચ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ચાર મહિનામાં ૧૦ લાખથી વધુ ગરીબોને આ યોજનાનો લાભ મળ્યો છે. તે ઉપરાંત ૪ હજારથી વધારે જન ઔષધિ કેન્દ્ર પણ ખોલવામાં આવ્યા છે. બેઘર લોકોની સમસ્યાને દૂર કરવા સરકારે પીએમ આવાસ યોજના અંતર્ગત સાડાચાર વર્ષમાં એક કરોડ ૩૦ લાખથી વધારે ઘરનું નિર્માણ કર્યું છે. જ્યારે ૨૦૧૪ પહેલાં ૫ વર્ષમાં કુલ ૫ લાખ ઘરનું જ નિર્માણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું કે, સામાન્ય નાગરિકોની પીડા સમજનાર મારી સરકારે મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપી છે.

મુંબઈ એરપોર્ટ પર ૨૭ વર્ષીય પીએચડી સ્ટુડન્ટને હિન્દી ન આવડતા રોકી દેવાયો

દેશના ભાગલા કરી રહી છે હિંદી, હિંદૂ અને હિંદૂત્વની વિચારધારા: શશી થરુર

ન્યુ દિલ્હી

તાજેતરમાં જ મુંબઈ એરપોર્ટ પર એક ૨૭ વર્ષીય PhD સ્ટૂડેન્ટને માત્ર એક કારણે રોકી દેવામાં આવ્યો કેમકે તેને હિંદી નહતી આવડતી. આ મામલામાં હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે 'હિંદુત્વ'ની વિચારધારા પર નિશાન સાધ્યુ. શશિ થરૂરે પોતાના ટ્વિટર પરથી ટ્વીટ કર્યુ કે, 'હિંદી', 'હિંદૂ' અને 'હિંદૂત્વ'ની વિચારધારા આપણા દેશના ભાગલા પાડી રહી છે. આપણે એકતાની જરૂર છે, એકરૂપતાની નહી'' આ પહેલા ૨૭ વર્ષીય સ્ટૂડેન્ટ અબ્રાહમ સૈમુઅલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીને ટેગ કરીને ટ્વીટ કર્યુ હતુ અને કહ્યુ કે, ''હિંદી ના આવડવાના કારણે મુંબઈ એરપોર્ટ પર એક અધિકારીએ ક્લિયરન્સ આપવા માટે ઈંકાર કરી દીધો.'' ઉલ્લેખનીય છે કે, અબ્રાહમ અમેરિકાની ક્લાર્કસન યૂનિવર્સિટીથી કેમેસ્ટ્રીમાં PhD કરી રહ્યો છે, તે મૂળ તમિલનાડુનો રહેવાસી છે. સૈમુઅલે PM મોદી અને રાહુલ ગાંધી સિવાય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ, કોંગ્રેસ નેતા શશિ થરૂરન અને ડીએમકે ચીફ એમકે સ્ટાલિને પણ ટ્વીટમાં ટેગ કર્યા છે. આ ટ્વીટ પર પ્રતિક્રિયા આપતા શશિ થરૂરે ટ્વીટ કર્યુ કે, 'હિંદી', 'હિંદૂ' અને 'હિંદૂત્વ'ની વિચારધારા આપણા દેશના ભાગલા પાડી રહી છે.

૧૫૦૦થી વધુ ફ્લાઈટ રદ્દ,હજુ પણ ઠંડી વધવાની ચેતવણી જાહેર કરાઈ

અમેરિકામાં સદીની સૌથી ભયાનક ઠંડી, -૫૦ સુધી પહોંચ્યું તાપમાન, ૧૨નાં મોત

વૉશિંગ્ટન

અમેરિકામાં સદીની સૌથી ભયાનક ઠંડી પડી રહી છે. અંદાજે ૧૨ રાજયમાં તાપમાનનો પાસે -૫૦ સુધી પહોંચી જવાથી જનજીવન ઠપ્પ થઈ ગયું છે. સમગ્ર દેશમાં હાડથીજવતી ઠંડીને કારણે ૧૨ લોકોના મોત થયા છે, જેમાં એક કોલેજીયન યુવકનો પણ સમાવેશ થાય છે. તો સ્થાનિક હવામાન વિભાગે ચેતવણી જાહેર કરી છે કે આગામી દિવસોમાં તાપમાન -૭૦ ડિગ્રી સુધી પહોંચી જવાની સંભાવના છે. સમગ્ર દેશમાં હાડથીજવતી ઠંડીને કારણે ૧૨ લોકોના મોત થયા છે, જેમાં



એક કોલેજીયન યુવકનો પણ સમાવેશ થાય છે. તો સ્થાનિક હવામાન વિભાગે ચેતવણી જાહેર કરી છે કે આગામી દિવસોમાં તાપમાન -૭૦ ડિગ્રી સુધી પહોંચી જવાની સંભાવના છે. અમેરિકામાં બે એરપોર્ટ પરથી ઉડાન ભરનારી ૧૫૦૦ ફ્લાઈટ રદ્દ કરવામાં આવી છે. દુનિયાના સૌથી ઠંડા વિસ્તાર અંટાર્કટિકાથી પણ વધુ ઠંડી અમેરિકામાં પડી રહી છે. જાણકારી પ્રમાણે અમેરિકાના શિકાગોમાં પારો - ૫૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે બુધવારે અંટાર્કટિકાના પ્રિસ્ટલે ગ્લેશિયરનું ન્યૂનતમ તાપમાન -૨૭ ડિગ્રી રહ્યું હતું. હવામાન ખાતાએ બરફીલા પવનની સાથે અમેરિકામાં હજુ પણ ઠંડી વધવાની ચેતાવણી જાહેર કરી છે, જેમાં જણાવાયું કે તાપમાન -૭૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. લોકોને સતર્ક અને ઘરમાં જ રહેવાની સૂચનાઓ આપવામાં આવી છે. કંપનીઓમાં રજા જાહેર કરી દેવાઈ તો સરકારી પોસ્ટ ઓફિસોમાં પણ રજા રાખવામાં આવી છે, દેશમાં અત્યારસુધીમાં ઠંડીના કારણે મૃત્યુઆંક ૧૨ સુધી પહોંચ્યો છે. તો શહેરની વચ્ચે નીકળતી શિકાગો નદી જામી ગઈ છે.

ફેસબુકને ૪૮,૮૪૮ કરોડ રૂપિયાનો રેકોર્ડ નફો, માર્કેટ કેપ ૩.૭૫ લાખ કરોડ વધી

સાન ફ્રાન્સિસ્કો

ફેસબુકે ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા હતા. ૨૦૧૮ના ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિકમાં કંપનીને ૪૮,૮૪૮ કરોડ રૂપિયા(૬૮૮ કરોડ ડોલર)નો પ્રોફીટ થયો છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ત્રિમાસિક નફો છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત

રૂપિયા ૫૦૦૦/- (+ટેક્ષ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : 7575006850

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્દઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે થિયો વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાફ્રસાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઉમિદવારથી ભારતીના રૂપિયા કામ મુજબ વધેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આવક કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
ગાહેકના ૧૭૫૦/- (સોટો જોડવી ફરજી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે રાફ્રસાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી ફરજી)
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે રાફ્રસાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-




સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય


તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850


connectindians1@gmail.com

રાણપુર ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા એચ.એમ.ડોડીયા ની કલર પેન્સિલથી સ્કેચ બનાવવાની માસ્ટરી











પલવાર માં કોઈપણ વ્યકતીના તથા વસ્તુની કલર બોલપેનથી સ્કેચ તૈયાર કરે છે

આજકાલ આપણુ જીવન એટલુ વ્યસ્ત થઈ ગયુ છે કે જેથી આપણે એ વિચારવાનુ જ ભુલી જઈએ છીયે કે ક્યાંક જીવન જીવવાનુ તો ભુલાઈ નથી ગયુ ને. આવા વ્યસ્ત જીવનમાં પોતાને ગમતી કોઈ પ્રવૃતિ સમય કાઢીને પણ કરવી જોઈએ જેથી જીવન જીવવાનો આનંદ કંઈક અલગ આવે અને વ્યસ્ત કામગીરીનો ભાર પણ ન લાગે. આવુ જ એક વ્યક્તીત્વ છે બોટાદ જીલ્લાના રાણપુર મામલતદાર કચેરી માં



રાણપુર ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હેમીશભાઈ એમ ડોડીયા કે જેઓ સુરેન્દ્રનગર થી રાણપુર ટ્રેન માં અપ ડાઉન કરે છે દિવસભર કચેરીની વ્યસ્ત કામગીરી કર્યાબાદ પોતાના ઘરે પરત જવા ટ્રેનની રાહ જોવાના સમયે તથા ટ્રેન માં મળેલ સમય નો ઉપયોગ તેઓના ખીસ્સામાં રહેલ બોલપેન તથા બેગ માં રહેલ સ્કેચબુક માં સ્કેચ કરી સમય પસાર કરે છે.તેઓ હંમેશા પોતાની સાથે સ્કેચબુક રાખે છે.રજાના દિવસોમાં મળતા સમયમાં તેઓ કલર પેન્સિલથી પોટ્રેટ અન્ય સ્કેચ બનાવે છે.પલવાર માં કોઈપણ માણસ નો તથા અન્ય વસ્તુઓના સ્કેચ બનાવે છે.આમ વ્યસ્ત જીવનમાં પણ સમય કાઢી પોતાને ગમતી પ્રવૃતિ સ્કેચ કરતા રાણપુર ના નાયબ મામલતદાર એક પ્રેરણા રુપ કીસ્સો છે.હેમીશભાઈ એમ ડોડીયા એ આ પ્રકાર ના કાર્યથી લોકો માં જબરજસ્ત લોક પ્રિયતા મેળવી છે

પદમાવત ફિલ્મ રીલીઝ વખતે બનેલ ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી વિજાપુર પોલીસ

પોલીસ અધિક્ષક નિલેશ જાજડીયા સાહેબ મહેસાણા નાઓની સુચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક એમ.બી.વ્યાસ સાહેબ વિસનગર વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ અમો પો.ઈન્સ. ડી.બી.મહેતા ની નાસતા-ફરતા આરોપીઓ શોધી કાઢવા કરેલ સુચના આધારે આજરોજ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન ખાનગી બાતમી હકીકત મળેલ કે વિજાપુર પો.સ્ટે.ફસ્ટ ગુરને.૦૫/૧૮ ની અલગ અલગ કલમો તથા પબ્લીક પ્રોપર્ટી એક્ટ કલમ-૪ તથા જી.પી.એક્ટક-૧૩૫ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી નામે અશોકસિંહ કાળુસિંહ રાઠોડ રહે,અનોડીયાકોટ ભંગીવાસ.પાસે,તા,માણસા, ગાંધીનગર વાળો વિજાપુર ખત્રી કુવા માર્કેટમાં ખરીદી કરવા આવેલ છે અને હાલમાં સરકારી દવાખાના પાસે ઉભો રહેલ છે.જે હકીકત આધારે સદરી આરોપીને આજરોજ તા ૩૦/૦૧/૨૦૧૯ ના કલાક ૧૬/૪૫ વાગે ગુનાના કામે અટક કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે.

ભુજની જૂની રાવલ વાડી વિસ્તારમાંથી આજે રાત્રીના ૮ વાગ્યાની આસપાસ ટુ વ્હીલર ચોરી

ભુજ કચ્છ: કાંતિભાઈ ઠક્કરની ટુ વ્હીલર એક્સેસ બ્લુ કલરની ૫ત્ત ૧૨ ૬૬ ૭૧૧૧ જુની રાવલવાડી ઘર પાસે થી બે છોકરાઓ ટુ વ્હીલર ઉપાડી ગયા છે. જો કોઈના ધ્યાનમા આવે તો મને મો.ન. ૯૦૯૯૦૮૬૫૧૬ જાણ કરવા વિનંતી છે. આજરોજ રાત્રીના આઠ વાગ્યાની આસપાસ ઉપાડી



ગયા છે.ગાડીમાં આગળ વ્હાઈટ અક્ષરે પ્રેસ લખેલું છે.

ઉમરાળા શ્રી રતનપુર પ્રા શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



ઉમરાળા તાલુકાની શ્રી રતનપુર પ્રા.શાળામાં વાર્ષિકોત્સવ નિમિત્તે ગાંધી નિર્વાણ દિને ×એક શામ ગાંધીબાપુ કે નામ× શીર્ષક હેઠળ ધો.૧ થી ૮ ના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૯:૦૦ કલાકે યોજવામાં આવ્યો.જેમાં બાળકોએ અભિનયગીતો, નાટકો, માઈમ, ડાન્સ વગેરે દેશભક્તિ સભર અને સાંપ્રત સમસ્યાને લગતી કૃતિઓ પોતાની શૈલીમાં ખૂબ સુંદર રીતે રજુ કરી.સાથે સાથે બાળકોને નવાજવા ઈનામ વિતરણ અને વ્યસનમુક્તિના કાર્યક્રમ પણ આયોજીત થયા.રામ રહીમ વ્યસનમુક્તિ ગ્રુપ દ્વારા વ્યસન અંગે સરસ હાજી જબ્બાર બાપું થકી માહિતી આપવામાં આવી.આ કાર્યક્રમને શોભાવવા ગામના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, વડીલો, યુવાનો, બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ.ઉમરાળા થી ×સત્ય પ્રેમ કરુણા× ગ્રુપ ના સભ્યો યે પણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી,શિક્ષકો અને જીસ્ઝના સભ્યોએ ભારે જહેમત ઉઠાવેલ.

વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી ભાવનગર એસ.ઓ.જી પોલીસ

ભાવનગર શહેર/જીલ્લામાંથી પોલીસ અધિક્ષકશ્રી પી.એલ.માલ સાહેબે ભાવનગર જીલ્લામાંથી દારૂ/જુગારની બદી નાબુદ કરવા હાથ ધરેલ ઝુંબેસના ભાગ રૂપે એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી ડી.ડી.પરમાર સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. સ્ટાફના માણસો ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન પોલીસ હેડકોન્સ. હરેશભાઈ ઉલવા તથા પોલીસ કોન્સ. નિતીનભાઈ ખટાણાને મળેલ બાતમી આધારે ભાવનગર-રાજકોટ રોડ, ગઢુલા ગામના બસ સ્ટેન્ડ પાસે બજરંગ પાન નામની દુકાનમાં રાખેલ ભારતીય વિદેશી દારૂની બોટલ નંગ-૫૫ તથા બીયર ટીન નંગ-૮ કુલ કિ.રૂ ૧૭,૩૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી કુલદપસિંહ ઉર્ફે કે.કે. કિરીટસિંહ ગોહીલ ઉ.વ.૩૭ રહે વાસી-ગામ-ગઢુલા, તા.શિહોર જી.ભાવનગર વાળાને પકડી પાડી મજકુર આરોપી સામે પ્રોહી. એકટ તળે કાયદેસર કાર્યવાહી કરી સોનગઢ પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

અનુસૂચિત જાતિનું ગૌરવ ધોરણ-૮માં અભ્યાસ કરતી પ્રિયાંશી બાંભણિયા નિબંધ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ



ભુજ કચ્છ: ભુજના વાણીયાવાડ વિસ્તારમાં આવેલી ઈન્દીરાબાઈ કન્યા વિદ્યાલયની ધોરણ ૮માં અભ્યાસ કરતી પ્રિયાંશી કાંતિલાલ બાંભણિયાએ પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય ભારત સરકાર દ્વારા ગુજરાતી ભાષાની લીધો હતો તેમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો હતો. પ્રિયાંશી કાંતિલાલ બાંભણિયા અનુસૂચિત જાતિ તથા અખિલ કચ્છ મેઘવંશી મારું સમાજ, વિદ્યાલય,માતા-પિતા,પ્રિન્સિપાલ, માર્ગદર્શક શિક્ષક વગેરેનું નામ રોશન કર્યું છે.

જંગે ગુજરાત સાથે વાતચીતમાં પ્રિયાંશી કાંતિલાલ બાંભણિયા જણાવ્યું હતું કે ઈન્દીરાબાઈ કન્યા વિદ્યાલયની ધોરણ ૮માં અભ્યાસ કરે છે.પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય ભારત સરકાર દ્વારા નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિબંધનો વિષય સેવ ફ્યુઅલ ફોર બેટર એન્વાયરમેન્ટ આ વિષય થોડોક વધુ અઘરું હોવાથી મારા શિક્ષિકા અલ્પાબેન દવે માર્ગદર્શન ખૂબ જ સુંદર અને સારું આપ્યું હતું.હું દિલ્હી ગઈ હતી દિલ્હી ખાતે ૧૬ તારીખે ઉત્સવ રાખવામાં આવ્યું હતું,તેમાં મને ત્યાં ડોક્ટર ધર્મેન્દ્ર પ્રધાન (મંત્રી પેટ્રોલિયમ અને ગેસ) ના હસ્તે ટ્રોફી, લેપટોપ,સર્ટિફિકેટ તથા જૂન મહિનામાં સિંગાપોર ફરવાની ટ્રીપ દ્વારા સન્માનિત કરવામાં આવ્યું છે.મારા માતા-પિતાને ખુબ જ સારું ગર્વ થાય છે, આ નિબંધમાં સમસ્ત વિદ્યાલયના શિક્ષિકાનો ખૂબ જ સારો પ્રોત્સાહન મળ્યો છે.આ સફળતાનો શ્રેય અમારા શાળાના પ્રિન્સીપાલ મયુરભાઈ ભાનુશાલી અને મારા શિક્ષિકા અલ્પાબેન દવેને આપીશ.

મયુરભાઈ ભાનુશાલીએ વાતચીતમાં જણાવ્યું હતું કે હું હેડ ટીચર તરીકે ઈન્દીરાબાઈ કન્યા વિદ્યાલય વાણીયાવાડ મધ્યે છેલ્લા ચાર વર્ષથી ફરજ બજાવું છું.હું સૌ પ્રથમ તો ધોરણ-૮માં અભ્યાસ કરતી પ્રિયાંશી બાંભણિયાને ધન્યવાદ આપું છું, ખૂબ જ મહેનત અને લગનથી જે નિબંધ લખ્યો હતો તે ગુજરાતી ભાષાનો નિબંધ છે તે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ નંબર પર આવે છે. તે ખરેખર મારી શાળા,ભુજ તાલુકા,કચ્છ જીલ્લા માટે ગર્વપ્રત બાબત છે, કે એક સરકારી શાળાની વિદ્યાર્થીની પણ દેશ લેવલે શાળાનું નામ રોશન કર્યું છે. પીસીઆરએ ભારત સરકાર દ્વારા ગેસ મંત્રાલય છે એના દ્વારા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી.એમાં અમે વેબસાઈટ પર નિબંધ અપલોડ કર્યો હતો.ત્યાંથી અમને મેલ દ્વારા મેસેજ મળ્યું હતું કે એમનું પ્રથમ નંબર આવ્યું છે. તારીખ ૧૬ના રંગારંગ કાર્યક્રમ દિલ્હી ખાતે યોજાયો એમાં પણ તેમને લેપટોપ,સર્ટિફિકેટ,ટ્રોફી, સિંગાપોરની ટેપ મળેલ છે.

વિદ્યાર્થિનીને આ એવોર્ડ મળ્યો છે તો અન્ય વિદ્યાર્થિનીઓ પણ આવું સારું કાર્ય કરતા હોય છે પરંતુ વાલીઓ ના પાડતા હોય છે એ બાબતે મયુર ભાઈ ભાનુશાલી ખાસ જણાવ્યું હતું કે ચોક્કસ વાલીઓને સુધી એક સંદેશો આપીશ.આ દુનિયામાં બધુ જ શક્ય છે જો તમે કઠિન પરિશ્રમ કરશો તો જરૂર સફળતા મળશે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ હોતો નથી.આ પ્રિયાંશી બાંભણિયાએ સિદ્ધ કરી બતાવ્યું છે કે આખા દેશમાંથી એક ગરીબ વર્ગની છોકરી જો નંબર મેળવી શકતી હોય તો તમે પણ બધા જોશો તો જે જે વ્યક્તિઓ સફળ બન્યા છે,તે કઠિન પરિશ્રમથી જ બન્યા છે. હું વાલીઓને એ જ સંદેશ આપીશ કે તમે દીકરીઓને જે સપનાં દ્રષ્ટાંત છે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમજ કહે છે કે બેટી બચાવો બેટી પઢાવો એમ જ કહે છે.આ કન્યા શાળા છેલ્લા ૧૯૩૪ થી કન્યા કેળવણી ક્ષેત્રે ખૂબ જ સારું નામ છે.અમને ગર્વ છે કે બધી જ દીકરીઓ ભણી ગણીને ખૂબ ખૂબ પ્રગતિ કરે.

ચોરીના ડિઝલ અને અલ્ટો કાર સાથે આરોપીને પકડી બે ચોરીનો ભેદ ઉકેલતી ભુજ એલસીબી

૪૨૦ લીટર ચોરાઉ ડિઝલ તથા ચોરી કામે ઉપયોગમાં લીધેલ અલ્ટો કાર સાથે એક આરોપીને પકડી બે ડીઝલ ચોરીના ભેદ ભુજ એલસીબીએ ઉકેલ્યો

ભુજ કચ્છ:પોલીસ અધિક્ષક એમ.એસ. ભરાડા,પશ્ચિમ કચ્છ-ભુજનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી., ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસો ભુજ તાલુકા વિસ્તારમાં ચોરીના બનતા જતા ગુનાઓ અટકાવવા પેટ્રોલીગમાં હતા.

દરમ્યાન પેટ્રોલીંગ ફરતા-ફરતા શેખપીર ત્રણ રસ્તા પાસે આવતા અત્યંત વિશ્વાશુ બાતમીદાર દ્રાવારા બાતમી હકીકત મળેલ કે, પધ્ધર વાડી વિસ્તારમાં રહેતો અભુભખર રમજાન સમા ચોરી કે છળકપટથી મેળવેલ ડીઝલ થી ભારેલા કેરબા લઈ લાલ કલરની અલ્ટો કાર જેના રજીસ્ટ્રેશન નં.જ્ત-૧૨-છ-૯૫૭૯ વાળી કાર લઈ ભુજ બાજુ આવે છે.જે મળેલ બાતમી હકીકત અન્વયે તુરંત જ વર્ક આઉટ કરી લાખોંદ પાટીયા પાસે સદર કારની વોચમાં રહી કારને રોકાવી તપાસ કરતા કારમાંથી ૩૫-૩૫ લીટરની ક્ષમતા વાળા ડીઝલ ભરેલા ૧૨ (બાર) કેરબા મળી આવેલ મજકુર ઈસમ પાસે મળેલ મુદામાલ



ડીઝલના કેરબા નંગ-૧૨ ના બીલો કે આધાર પુરાવા હોય તો આપવાનુ જણાવતા પોતાની પાસે કોઈ આધાર પુરાવા ન હોવાનુ જણાવેલ અને મજકુર ઈસમોની યુકિત પ્રયુકિતથી પુછ પરછ કરતા સદરહુ ડીઝલ આશરે પંદર દિવસ પહેલા પોતે તથા તેના સાથીદાર (૧) રશીદ ઉર્ફે વલો દેશર સમા, રહે.નાના દિનારા, તા.ભુજ તથા (૨) અલ્લારખા ઈસાક સમા રહે.મોટા દિનારા, તા.ભુજ એમ ત્રણેય જણાએ ભેગા મળી એક ટ્રકમાં લાખોંદ પાટીયા પાસે પાર્ક કરેલ હતી તેમાંથી છ (૬) કેરબા ડીઝલની ચોરી કરી હતી તથા મમુઆરા પાટીયા પાસે આવેલ કલાપી હોટલ પાસે પાર્ક કરેલ ત્રણ ડમ્પરમાંથી છ (૬) કેરબા ડીઝલની ચોરી કરેલાનુ કબુલાત કરતા હોય જે અન્વયે આરોપી અભુભખર ઉર્ફે ભખર રમજાન સમા, રહે.નાના દિનારા, તા.ભુજ, હાલ રહે.પધ્ધર વાડી વિસ્તાર,તા.ભુજ વાળાને ચોરાઉ ડીઝલ લી.૪૨૦, કિ.રૂા.૨૮,૧૪૦/- તથા અલ્ટો કાર કિ.રૂા.૭૫,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી આગળની કાર્યવાહી માટે આરોપી તથા કબ્જે કરેલ મુદામાલ પધ્ધર પોલીસ સ્ટેરશનને સોપી આપવા તજવિજ કરવામાં આવેલ છે.

બોટાદ એલ.સી.બી.એ ભારતીય બનાવટના વિદેશી દારૂની ૯૦ બોટલો સાથે ૩.૨૨,૯૦૦ના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડયો



પોલીસ મહાનિરીક્ષક,ભાવનગર નરસિમ્હા કોમાર દ્વારા પ્રોહીબીશનની કામગીરી અંગે કડક કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા બોટાદ જીલ્લામાં પ્રોહીબીશનની બદીને નેસ્ત નાબુદ કરવા કડક સુચના આપેલ હોય,જે અનુસંધાને બોટાદ એલ.સી.બી.ના પી.ઈ.એચ.આર.ગોસ્વામી ના માર્ગદર્શન હેઠળ બોટાદ એલ.સી.બી. સ્ટાફના એ.એસ.આઈ. ડી.એમ.ત્રિવેદી, હે.કો. પ્રવિણસિંહ, પો.કો. ક્રિપાલસિંહ, પો.કો. બળદેવસિંહ પેટ્રોલીગમાં હોય જે દરમ્યાન પો.કો. બળદેવસિંહ ને ખાનગી રાહે બાતમી મળેલ કે બોટાદના સવગણનગર દશામાંના મંદીર પાસે રહેતા



મહેશભાઈ ગીરીશભાઈ સોલંકી પોતાના રહેણાંકી મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખેલ છે જે આધારે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા એપીસોડ ક્લાસીક વ્હિસ્કીની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૬૮ જેની કિં.રૂ.૨૦,૪૦૦ તથા કેઝી રોમીઓ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ. ની નાની બોટલ નંગ-૨૨ જેની કિં.રૂ.૨૨૦૦ તથા સેમસંગ કંપનીનો એક મોબાઈલ ફોન જેની કી.રૂ.૩૦૦ મળી કુલ કિ.રૂ.૨૨,૯૦૦ ના મુદ્દામાલ સાથે મહેશભાઈ ગીરીશભાઈ સોલંકી ઉ.વ- ૩૨ રહે. સવગણનગર, દશામાના મંદીર પાસે બોટાદવાળાને પકડી પાડી તમામ મુદ્દામાલ તેમજ આરોપીને બોટાદ પોલીસ સ્ટેશન ખાતે સોંપી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પહેલી જુલાઈ ૨૦૧૮થી એરિયર્સ પણ આપવામાં આવશે

આનંદો...સરકારી કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો

સરકારી કર્મચારીઓને ૯ ટકાના દરે મોંઘવારી ભથ્થું મળશે. ૪, ૫૦, ૫૦૯ પેન્શનરને પણ લાભ મળશે તથા ૯, ૬૧, ૬૩૮ વર્તમાન કર્મચારીઓને લાભ મળશે



ગાંધીનગર

રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી છે. ગુજરાતના ડેપ્યુટી સીએમ નિતીન પટેલે જાહેરાત કરી છે કે મોંઘવારી ભથ્થામાં વધારો આપવામાં આવશે. જેમાં સરકાર દ્વારા સરકારી કર્મચારીઓને ૨ ટકા મોંઘવારી ભથ્થુ વધારવામાં આવશે. જેનાથી લાખો કર્મચારીઓને લાભ થશે. તેમજ રીટાયર થયેલ પેન્શનરને પણ લાભ થશે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારીઓના ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરાશે. ગુજરાતના ડેપ્યુટી સીએમ નિતીન પટેલે જણાવ્યું છે કે ગુજરાત સરકાર હસ્તકના કર્મચારીઓને લાભ મળશે. સરકારી કર્મચારીઓને ૯ ટકાના દરે મોંઘવારી ભથ્થું મળશે. ૪, ૫૦, ૫૦૯ પેન્શનરને પણ લાભ મળશે તથા ૯, ૬૧, ૬૩૮ વર્તમાન કર્મચારીઓને લાભ મળશે. પહેલી જુલાઈ ૨૦૧૮થી એરિયર્સ પણ આપવામાં આવશે. સરકારના નિર્ણયનો અમલ આજથી લાગુ કરવામાં આવશે. એક સાથે રોકડમાં એરિયર્સ મળશે. માર્ચ મહિનાના પગારમાં એક સાથે એરિયર્સ મળશે. જેમાં રાજ્ય સરકાર પર વાર્ષિક રૂ.૭૭૧ કરોડ ભારણ વધશે. અલ્પેશ ઠાકોર વિશે નીતીન પટેલને પૂછતા તેમણે કહ્યું કે, અલ્પેશ કેમ મુખ્યમંત્રીને મળ્યા મને ખબર નથી. ધારાસભ્ય હોવાથી તે મુખ્યમંત્રીને મળી શકે છે.

હિન્દુઓ વિરૂદ્ધ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છેઃ મોહન ભાગવત

પ્રયાગરાજ

આરએસએસ ચીફ મોહન ભાગવતે સબરીમલા મંદિરમાં પ્રતિબંધિત વય વર્ગની મહિલાઓના પ્રવેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે હિન્દુઓની ભાવનાઓનું ધ્યાન રાખવામાં આવ્યું નથી. કોર્ટે નિર્ણય તો સંભળાવી દીધો પરંતુ તેનાથી કરોડો હિન્દુઓની ભાવનાઓ અને સન્માનને ઠેસ પહોંચી છે અને તેની કોઈ કાળજી લેવામાં આવી નથી. આમ હિન્દુ ધર્મને ઠેસ પહોંચાડવાની યોજના બનાવવામાં આવી રહી છે.

ભાગવતે ધર્મ સંસદમાં કહ્યું કે ભારત તારા ટુકડા થશે, ઈન્શાઅલ્લાહ બોલનારાઓ સાથે મળીને આપણા સમાજમાં સ્ત્રી-પુરુષમાં ભેદભાવની વાત લોકોના મનમાં ફેલાવવાનું કામ કરી રહ્યા છે. આ છળ-કપટ છે. રાજકીય વિવાદના કારણે સમાજને તોડીને મતોના ભાગલા પાડનારા લોકો આવું કરી રહ્યા છે.

સબરીમાલા મંદિરમાં પ્રતિબંધિત વય વર્ગની મહિલાઓના પ્રવેશ પર ભાગવતે જણાવ્યું કે કોર્ટે કહ્યું કે જો મહિલા પ્રવેશ કરવા માંગે છે તો તેમને કરવા દેવામાં આવે. પરંતુ કોઈ જવા જ નથી માંગતું. નામ લીધા વગર કેરળ સરકાર પર નિશાન સાધતા ભાગવતે કહ્યું કે ' લોકોને લાવવામાં આવી રહ્યા છે, શ્રીલંકાથી મહિલાઓને લાવવામાં આવી રહી છે અને પાછળના દરવાજાથી પ્રવેશ કરાવવામાં આવે છે. 'આ એવા સંગઠનો છે જે દેશને તોડવાની ઘોષણા કરી રહ્યા છે, બંધારણની અવગણના કરી એક સંપ્રદાયના પ્રભુત્વની ઘોષણા કરી રહ્યા છે.

અખિલેશ બાદ વધુ એક કદાવર નેતા ઈડીની લપેટમાં

અબજો રૂપિયાના સ્મારક કૌભાંડમાં માયાવતી પર ગાળિયો કસાયો, ૬ સ્થળે ઈડી ત્રાટકી

લખનૌ

અખિલેશ યાદવ પર ગેરકાયદે ખોદખામ અને રિવર ફ્રંટ કૌભાંડ પર શિકંજો કસ્યા બાદ હવે ઈડીએ માયવતીને બરાબરના ભીંસમાં લેવાનું શરૂ કરી દીધું છે. તાજેતરના ઘટનાક્રમમાં માયાવતી સરકારના કાર્યકાળમાં કથિત ૧૪ અબજના સ્મારક કૌભાંડમાં ઈડીએ બીએસપી અધ્યક્ષાના નજીકનાઓ વિરૂદ્ધ કાર્યવાહી આરંભી છે. આજે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ અને એનસીઆરમાં ૬ ઠેકાણે અચનાક જ દરોડા પાડવામાં આવ્યા.



ઈડીની જુદી જુદી ટીમોએ લખનૌમં ગોમતીનગરમાં એંજીનિયરો, કોન્ટ્રાક્ટરો અને સ્મારક કૌભાંડ સાથે સંકળાયેલા લોકો પર વિવિધ સ્થળોએ દરોડા પાડ્યા છે. ઈડી એ ૧૪૦૦ કરોડના (૧૪ અબજ)ના સ્મારક કૌભાંડની તપાસ હાથ ધરી હતી. તપાસ માટે વિજિલંસમાં સાત ઈન્સ્પેક્ટરની એક એસઆઈટીની રચના પણ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિજિલંસ ટીમે રજુ કરેલા સમગ્ર રિપોર્ટ મળ્યા બાદ ઈડીએ આ કાર્યવાહી હાથ ધરી છે. સ્મારક કૌભાંડને લઈને માયાવતી પર શિકંજો કસાશે તેવી શક્યતા અગાઉથી જ વ્યક્ત કરવામાં આવી રહી છે. ચૂંટણી પહેલા બસપાના બે પૂર્વ મંત્રીઓ અને માયાવતીના નજીકના રહી ચુકેલા નસીમુદ્દીન સિદ્દીકી અને બાબુ સિંક કુશવાહા મારફતે માયાવતી પર ગાળીયો કસવામાં આવી શકે છે. જે સમાજવાદી પાર્ટીએ બસપા સુપ્રીમો સાથે હાથ મિલાવ્યા છે તેના જ કાર્યકાળમાં સ્મારક કૌભાંડની તપાસ વિજિલંસને સોંપવામાં આવી હતી. એસપીના જ કાર્યકાળમાં સ્મારક કૌભાંડમાં ગોમતી નગરમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી.

ઘોર કળિયુગ...ઓસ્ટ્રેલિયા શિફ્ટ થવાની લ્હાયમાં બે સગા ભાઈ-બહેને લગ્ન કરી લીધા...!!

જલંધર

પંજાબમાં સંબંધોને લાંછન લગાડનારી એક ઘટના સામે આવી છે. જે સાંભળીને સૌકોઈ હેરાન રહી ગયા છે. એક યુવતીએ તેના સગા ભાઈ સાથે જ લગ્ન કરી લીધા હતા. આમ કરવા પાછળ યુવતીની ગજબની લાલચ કારણભુત બની છે. યુવતી ઓસ્ટ્રેલિયા શિફ્ટ થવા માંગતી હતી. લગ્ન બાદ પોતાના યુવતીએ બનાવટી પાસપોર્ટ તૈયાર કર્યો હતો અને ઓસ્ટ્રેલિયા જતી રહી હતીએ. એક મહિલાએ આ બાબતની ફરિયાદ કરતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. આશ્ચર્યજનક વાત એ છે કે, આ ષડયંત્રમાં ભાઈ-બહેનના પરિજનો પણ શામેલ છે. પંજાબના એક ગામમાં રહેતી યુવતી ઓસ્ટ્રેલિયામાં સેટલ થવા માંગતી હતી. પણ તેને વિઝાને લઈને મુશ્કેલી ઉભી થઈ રહી હતી. પરંતુ કોઈ પણ ભોગે ઓસ્ટ્રેલિયા જવા યુવતી પવિત્ર સંબંધોને લાંછન લગવતા ખચકાઈ નહોતી. તેને પોતાના સગા ભાઈ સાથે જ લગ્ન કરી લીધા હતા. આ મામલે પોલીસે કહ્યું હતું કે, આ ઘટનામાં તપાસ કરતા જાણવા મળ્યું છે કે યુવતીનો ભાઈ ઓસ્ટ્રેલિયામાં સ્થાયી છે. યુવતીએ પણ ઓસ્ટ્રેલિયા જવા માટે નકલી દસ્તાવેજો ઉભા કર્યા અને મેરેજ સર્ટિફિકેટ પણ એક ગુરૂદ્વારામાંથી બનાવી લીધું હતું. રજિસ્ટ્રેશન ઓફિસમાં તેની નોંધણી પણ કરાવી દીધી હતી. બનાવટી દસ્તાવેજોના સહારે યુવતી પોતાના ભાઈ સાથે ઓસ્ટ્રેલિયા ચાલી ગઈ છે. તેનો ભાઈ ઓસ્ટ્રેલિયામાં નોકરી કરે છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ગેરરીતિનો આ ગંભીર મામલો છે.

છબીલ પટેલનાં પેટનું પાણી પણ ન હલ્યું..!! સોશિયલ મીડિયામાં સક્રિય થયો

ભુજ

જયંતી ભાનુશાળી હત્યાકેસનો મુખ્ય આરોપી અને કચ્છ ભાજપમાં પણ મોટુ માથુ મનાતો છબીલ પટેલ વિદેશ ફરાર થઈ ગયો હોવાનું પોલીસે જાહેર કર્યુ છે, પણ સોશિયલ મીડિયામાં તો છબીલ હજુ પણ સક્રિય હોવાની ચોંકાવનારી વિગતો મળી છે. છબીલભાઈ ફેન ક્લબ નામના વોટ્સએપ ગ્રુપમાં નખત્રાણા તાલુકા યુવા ભાજપના મહામંત્રી હિરેન ભટ્ટને તેણે બુધવારે બર્થ ડે પણ વીશ કરી હતી. એટલુ જ નહી, કચ્છના ચોક્કસ બે-ત્રણ વ્યક્તિઓની સાથે તે ગુરૂવારે પણ ટેલિફોનિક સંપર્કમાં હોવાની પણ વાત ચર્ચાઈ રહી છે.

રાજયભરમાં ચકચારી જયંતી ભાનુશાળી હત્યાકેસમાં પોલીસે જેને મુખ્ય આરોપી જાહેર કર્યો છે અને ભાજપે પણ સસ્પેન્ડ કરી દીધો છે. વિદેશ ભાગી છૂટેલો છબીલ પટેલ પોતાના પેટનું પાણી પણ ન હલ્યુ હોય એમ બિન્ધાસ્ત રીતે સોશિયલ મીડિયા પર હજુ સક્રિય છે. છબીલભાઈ ફેન ક્લબ નામના જે વોટ્સએપ ગ્રુપમાં તેણે બુધવારે બર્થ ડે વીશ કરતી પોસ્ટ મુકી હતી, એ જ વોટ્સએપ ગૃપમાં ભાજપના અન્ય રાજકારણી નરેશ મહેશ્વરી પણ સભ્ય છે.

અમારી આ મુલાકાત ઓફિસિયલ હતીઃ અલ્પેશ ઠાકોર

અલ્પેશ ઠાકોરે સીએમ રૂપાણી સાથે મુલાકાત કરતા રાજકારણ ગરમાયું

ગાંધીનગર

રાધનપુરથી કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત કરતા ફરી એક વખતે અલ્પેશ ભાજપમાં જોડાઈ રહ્યો હોવાની વાતને હવા મળી છે. આ પહેલા એકતા યાત્રા દરમિયાન અલ્પેશ ઠાકોરે ભાજપના નેતા શંકર ચૌધરી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન પણ એવી હવા ઉડી હતી કે અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાઈ રહ્યો છે. જોકે, બાદમાં તેણે સ્પષ્ટતા કરી હતી આ ફક્ત સૌજન્ય મુલાકાત હતી. જોકે, સૂત્રો એવું જણાવી રહ્યા છે કે અલ્પેશ ઠાકોર આગામી સમયમાં તેના સમર્થકો તેમજ કોંગ્રેસના અમુક નેતાઓ સાથે ભાજપમાં જોડાઈ શકે છે. એટલું જ નહીં અલ્પેશને ભાજપ સરકારમાં કેબિનેટ કક્ષાનું પદ મળે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

અલ્પેશ ઠાકોર સાથે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ વિજય રૂપાણીની મુલાકાત લીધી હતી. એવી માહિતી મળી છે કે ધવલસિંહ ઝાલાને સાબરકાંઠા પોલીસ પરેશાન કરતી હોવાથી, રજુઆત કરવા માટે કોંગ્રેસના બંને ધારાસભ્યોએ વિજય રૂપાણી સાથે મુલાકાત કરી હતી. આ મામલે બંને ધારાસભ્યોએ સીએમ રૂપાણી સમક્ષ રજુઆત કરી છે. બંનેએ રજુઆત કરી છે કે પોલીસ તેમની ખોટી હેરાનગતી બંધ કરે.

મુલાકાત દરમિયાન સીએમ રૂપાણી અને અલ્પેશ ઠાકોર વચ્ચે અડધો કલાક સુધી ચર્ચા ચાલી હતી. ભાજપના નેતા બાદ અલ્પેશે હવે સીએમ રૂપાણી સાથે મુલાકાત કરતા એવી હવાએ જોર પકડ્યું છે કે અલ્પેશ ભાજપમાં જોડાઈ જશે. સીએમના નિવાસસ્થાને જ ત્રણેય નેતાઓ વચ્ચે મુલાકાત થઈ હતી. જોકે, મુલાકાત બાદ અલ્પેશે ભાજપમાં જોડાવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતા આવું કંઈ જ ન હોવાનું જણાવ્યું હતું. અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે, ધવલસિંહને પરેશાન કરવા બાબતે વિજય રૂપાણીએ સઘન તપાસ કરીને કાયદાકીય રાહે તમામ મદદ કરવાનું આશ્વાસન આપ્યું છે. અમારી આ મુલાકાત ઓફિસિયલ હતી.

પીએમનું રોજગારી અંગેનું લીક રિપોર્ટ કાર્ડ દેશનું વરવું ચિત્ર દર્શાવે છેઃ રાહુલ

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ પર આધારિત એક મીડિયા રિપોર્ટનો ઉલ્લેખ કરતા ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું તેમણે દાવો કર્યા છે કે, પ્રત્યેક વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપનારા વડાપ્રધાનનું રિપોર્ટ કાર્ડ રાષ્ટ્રીય કટોકટી તરીકે સામે આવ્યું છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા તેમની સરખામણી જર્મની ચાંસલર હિટલર સાથે કરી છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું હતું કે, નોકરીઓ નથી. નેતાએ પ્રત્યેક વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું. તેમનો લીક થયેલો રિપોર્ટ કાર્ડ રાષ્ટ્રીય કટોકટી તરીકે સામે આવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે, બેરોજગારીનો દર ૪૫ વર્ષની ટોચે છે. ૨૦૧૭-૧૮માં ૬.૫ કરોડ યુવાનો બેરોજગાર હતા. નરેન્દ્ર મોદીનો જવાનો સમય આવી ગયો છે. રાહુલ ગાંધીએ ટ્વિટર પર એક સમાચાર શેર કર્યા છે જેમાં દર્શાવેલા આંકડા પ્રમાણે ૨૦૧૭-૧૮માં બેરોજગારીનો દર ૬.૧ ટકા રહ્યો હતો જે ગત ૪૫ વર્ષોમાં સૌથી વધુ છે.









તંત્રી સ્થાનેથી...

કટ્ટરતા ઘટે તે જરૂરી છે

ધર્મને લઈને થઈ રહેલી ઝડપી કટ્ટરપંથી પ્રવૃતિના દોરમાં હવે એક રિપોર્ટના તારણ જારી કરવામાં આવ્યા છે જેનાથી તમામ ભારતવાસી ગર્વ અનુભવ કરી શકે છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કટ્ટરતા ઘટી રહી છે અને સંપન્નતા વધી રહી છે. સાયન્સ એડવાન્ટેજમાં થોડાક દિવસ પહેલા પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે સમાજ અથવા તો દેશમાં જેટલી ધર્મનિરપેક્ષતા હોય છે ત્યાં આર્થિક વિકાસની ગતિ એટલી જ ઝડપી હોય છે. ૧૦૦ જુદા જુદા દેશોમાં ૧૯૦૦ અને ૨૦૦૦ના ગાળા દરમિયાન સમાજમાં પ્રચલિત મુલ્યો અને ત્યાં ચાલી રહેલી આર્થિક વિકાસની પ્રક્રિયાના અભ્યાસના આધાર પર આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા બાદ તેમાં કેટલાક નક્કર કારણ જારી કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે આ માન્યતા યોગ્ય નથી કે આર્થિક વિકાસથી ધર્મનિરપેક્ષતા જેવા મુલ્યો મજબુત થાય છે. વાસ્તવમાં પ્રક્રિયા બિલકુલ અલગ છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ધર્મનિરપેક્ષતા જેવા મુલ્યો મજબુત થવાની સ્થિતીમાં સમાજમાં સંપન્નતા આવે છે. રિપોર્ટ દર્શાવે છે કે બંનેમાં પ્રત્યક્ષ કાર્ય કારણ સંબંધ તો મળી શક્યા નથી પરંતુ મ જેમ સમાજમાં સહિષ્ણુતા આવે છે તેમ તેમ આર્થિક ગતિવિધીઓમાં વસ્તીના વધુને વધુ હિસ્સાની ભાગીદારી વધતી જાય છે. આ સહિષ્ણુતા ધર્મ સુધી મર્યાદિત નથી. અધિકારોને માન્યતા આપનાર મુલ્યોની સાથે પણ આ વાત જોડાયેલી છે. જે સમાજમાં સજાતિય સંબંધ, મહિલા સ્વતંત્રતા, લગ્ન અને તલાક જેવા મામલામાં જેટલા ઉદાર વલણ જોવા મળે છે ત્યાં આર્થિક વિકાસની ગતિ પણ સહેજ રીતે આગળ વધે છે. આ ખાસ અભ્યાસમાં એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે ધર્મનિરપેક્ષતાની મજબુતીની સાથે કોઈ દેશમાં પ્રતિ વ્યક્તિ જીડીપીમાં ૧૦ વર્ષમાં ૧૦૦૦ ડોલર, ૨૦ વર્ષમાં ૨૮૦૦ ડોલર અને ૩૦ વર્ષમાં ૫૦૦૦ ડોલરનો વધારો થાય છે. આ અભ્યાસમા તારણ એવા તમામ લોકો માટે એક બોધપાઠ સમાન છે જે માને છે કે સમાજમાં ફેલાઈ રહેલી ખાસ ધર્મ અથવા તો જાતિની શ્રેષ્ઠતાની ભાવનાના દેશના વિકાસ સાથે કોઈ લેવાદેવા હોતા નથી. બન્ને સાથે ચાલી શકે છે. આજે વિશ્વના એક મોટા હિસ્સામાં ઈસ્લામના નામ પર તેને ફેલાવવા માટે ખૌફનાક અભિયાન ચાલી રહ્યા છે.તેના ખતરા તમામ લોકોની સામે છે. વધારે ખતરનાક બાબ આ છે કે આની પ્રતિક્રિયામાં અન્ય ધર્મમાં પણ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટેની એક સ્પર્ધા છેડાઈ ગઈ છે. આ સ્પર્ધા જો ચાલુ રહેશે તો શ્રેષ્ઠ મુલ્યો અને ઉદારતા તેમજ સંપન્નતા ખતમ થઈ જશે. જેથી દુનિયાના દેશોમાં રહેતા લોકો વચ્ચે કોઈ જાતિ અને ધર્મને શ્રેષ્ઠ દર્શાવવા માટેની સ્પર્ધા થવી જોઈએ નહી. તમામને એકબીજાની જાતિ અને ધર્મના સન્માન સાથે આગળ વધવાની જરૂર છે. ધર્મ અને જાતિના આધાર પર કોઈ એક સમુદાયને ફેલાવવાની બાબત હમેંશા ખતરનાક હોય છે. આના કારણે કટ્ટરપંથી વૃતિ જોવા મળે છે. જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં સક્રિય અલગતાવાદીઓ હમેંશા રચનાત્મક માહોલમાં સામેલ થવાના બદલે ઉશ્કેરણીજનક કૃત્યોકરતા રહે છે.

દુનિયાના કેટલાક દેશોમાં ઈસ્લામના નામે હિંસાઓ ચાલી રહી છે જે ખતરનાક બની

કેન્સરના સંકેત : એકાએક વજન ઉતરે છે અને થાક પણ લાગે છે...

કેન્સરથી બચવા સંકેત જાણવાની જરૂર

કેન્સર માટે ચેતવણી સંકેત બિલકુલ અસ્પષ્ટ હોય છે. કેટલીક વખત અન્ય બિમારીઓના સંકેત સાથે તેના સંકેત મળે છે. જેથી જો શરીરમાં કોઈ અસામાન્ય ગાંઠ દેખાય અથવા તો ડિસ્ચાર્જ દેખાય અથવા તો શરીરના કોઈ હિસ્સામાં એકાએક પિડા થાય તો તરત જ તબીબનો સંપર્ક કરવામાં આવે તે જરૂર છે. જાણકાર તબીબો કહે છે કે એકાએક વજન ઘટી જાય, થાક લાગે, કોઈ કારણ વગર પેટ ફુલી જાય, જરૂર કરતા વધારે બ્લિડીગ, પેટના નીચેના હિસ્સામાં દુખાવા, પીઠના નીચેના હિસ્સામાં દુખાવાના લક્ષણ આના હોઈ શકે છે. બ્રેસ્ટના કલરમાં ફેરફાર પણ આના લક્ષણ તરીકે છે. હમેંશા પેટ ભરાયેલુ છે તેવો અનુભવ થાય તો પણ સંકેત સારા નથી. મહિલાઓ પોતાના વજનને લઈને અને કમર વધવાને લઈને ચિંતા રહે છે. જો કે જો કોઈ કારણસર એકાક વજન ઘટી જાય છે તો તબીબોને મળવાની જરૂર હોય છે. લાંબા સમય સુધી પેટમાં રહેતી પિડાને પણ ગંભીરતાથી લેવાની જરૂર હોય છે. જો કોઈ હાડકા સંબંધિત સમસ્યા નથી અને પીઠના નીચેના હિસ્સામાં દુખાવો રહે છે તો તેની અવગણવા કરવી જોઈએ નહી. બ્રેસ્ટમાં ડિસ્ચાર્જ અને ગાંઠ પણ સારા સંકેત તરીકે નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શહેરી ભારતમાં મહિલાઓમાં સ્તન કેન્સરના કેસ સૌથી વધારે છે. મહિલાઓને અસર કરતા કેન્સરોમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધારે છે અને આ બનાવ અને કેસોની સંખ્યા ગ્રામીણ વસ્તીમાં સતત વધી રહી છે જે ચિંતા ઉપજાવે છે. આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે સ્તન કેન્સર તેમની લાઈફ સ્ટાઈલ દરમિયાન આઠ મહિલાઓ પૈકી એકને અસર કરે છે. આ એક એવો રોગ છે જે ૫૦ વર્ષથી વધુની વય બાદ મહિલાઓને અસર કરી જાય છે પરંતુ નાની વયની મહિલાઓમાં પણ તેની અસર થઈ શકે છે. સ્તન કેન્સરના ખૂબ જ સામાન્ય લક્ષણો છે જેથી દર્દી સાવધાન થઈ શકે છે. સ્તન કેન્સરના લક્ષણોને વહેલી તકે ઓળખી કાઢીને તેની સારવાર શક્ય બને છે.સ્તન કેન્સરને લઈને ઘણી બધી માન્યતાઓ પ્રવર્તે છે. સામાહમાં ત્રણ વખત ૩૦ મિનિટ સુધી કસરત કરવાથી ફાયદો મળે છે. સાથે સાથે વજનને નિયંત્રિત રાખવાની બાબત ઉપર ઉપયોગી સાબિત થઈ શકે છે. ફેટને નિયંત્રિત કરતી ચીજવસ્તુઓ ખાવવાની સલાહ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત તમાકુ સાથે સંબંધિત કોઈ પણ વસ્તુ નહીં ખાવાની પણ સલાહ આપી છે. શરાબનું સેવન પણ નિયમિત માત્રામાં કરવાની સલાહ આપવામાં આવ્યું છે. શક્ય હોય ત્યાં સુધી તબાણ મુક્ત જીવન જીવવાથી ફાયદો થાય છે. ગ્રામીણ ભારતમાં મહિલાઓને અસર કરી રહેલા કેન્સર પૈકીના સૌથી ખતરારૂપ સ્તન કેન્સરના કેસ વધી રહ્યા છે. સ્તન કેન્સરના મેનેજમેન્ટના પાસાંઓમાં પ્રગતિ થઈ છે. હવે આધુનિક સમયમાં કેન્સરની સારવાર પણ શક્ય બની છે. એમઆરઆઈ સ્કેન અને હાઈ રિઝર્વેશનવાળા ડીઝીટલ મેમોગ્રાફીની મદદથી સ્તન કેન્સરના વહેલી તકે લક્ષણ જોવા મળે છે. અમે જાણીએ છીએ કે સ્તન કેન્સરની સારવાર હવે વધુ ગંભીર રહી નથી. ટ્યુમરને વહેલી તકે ઓળખી કાઢીને સારવાર શરૂ કરવામાં આવે છે. હાઈ એન્ડ રેડિયેશન થેરાપી મશીનથી પણ હવે સારવાર આપવામાં આવે છે. ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઈપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઈ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઈકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસાને ઝડપથી ચાલવાની બાબતનો પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.



કેન્સરના સંકેત તરીકે ભુખ લાગતી નથી અને પેટના નીચેના હિસ્સામાં દુખાવો રહે છે : પીઠના નીચેના હિસ્સામાં પણ દુખાવો થાય છે

દુનિયાભરમાં એન્ટીબાયોટિક્સના ઉપયોગને લઈને ચેતવણી છતાં...

એન્ટીબોયોટિક્સ દવાનો વધુ ઉપયોગ

દુનિયાના દેશોમાં આડેધડ લોકો દ્વારા આ પ્રકારની દવા લેવામાં આવે છે જેથી એન્ટીબાયોટિક્સ દવાના માર્કેટનુ કદ સૌથી ઝડપથી વધી રહ્યુ છે

ભારત સહિત કેટલાક દેશોમા ભાગદોડની લાઈફ અને તીવ્ર સ્પર્ધાના કારણે લોકો પાસે બિલકુલ સમય નથી. આવી સ્થિતીમાં શરીરમાં નાની મોટી પિડાને તો રોગ પ્રતિકારક દવા લઈને ટાળી દેવાના પ્રયાસ કરવામાં આવે છે. પિડાને દુર કરવા માટે એન્ટીબાયોટિક્સ લેવામાં આવે છે. આવી સ્થિતીમાં આ પ્રકારની દવાના માર્કેટ કદમાં રેકોર્ડ વધારો થઈ રહ્યો છે. એન્ટીબાયોટિક્સ દવાનો ઉપયોગ સતત વધી રહ્યો છે. દુનિયામાં સૌથી વધુ પ્રમાણમાં આપવામાં આવતી દવા તરીકે એન્ટી બાયોટિક્સને ગણવામાં આવે છે. એન્ટીબાયોટિક્સની અસર હવે ખરાબ રીતે ખતમ થતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યા બાદ સંબંધિત કંપનીઓ પણ ચિંતાતુર બનેલી છે. જે અભ્યાસ કરવામાં આવ્યો છે તેમાં કહેવામાં આવ્યુ છે કે કાયદાને વધારે સારી રીતે લાગુ કરવાની જરૂર દેખાઈ રહી છે. અભ્યાસ એમ પણ કહે છે કે ભારત સહિત દુનિયાના દેશોમાં એન્ટી બાયોટિક્સનો કારોબાર વધી રહ્યો છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૦૦થી લઈને ૨૦૧૦ વચ્ચેના ગાળામાં એન્ટીબાયોટિક્સનો ઉપયોગ વૈશ્વિક સ્તર પર સતત વધી રહ્યો છે. આંકડો ૫૦ અબજ ડોલરથી વધીને હવે ૭૦ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. તેના ઉપયોગમાં ભારત, રશિયા, ચીન અને બ્રાઝિલમાં રોકેટ ગતિથી વધારો થયો છે. ઓસ્ટ્રેલિયાના ક્વીન્સલેન્ડની ટેકનોલોજી યુનિવર્સિટીના નિષ્ણાંતોએ કહ્યુ છે કે એન્ટીબાયોટિક્સનો વધારે વધતો ઉપયોગ એન્ટીબાયોટિક્સના પ્રતિરોધના ફેલાવને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. દાખલા તરીકે આશરે ૫૭ હજાર નવજાત સેપ્સિસના મોત એન્ટીબાયોટિક્સ પ્રતિરોધી ઈન્ફેક્શનના કારણે થાય છે. આના કારણે અમેરિકામાં વાર્ષિક ૨૩૦૦૦ મોત થાય છે. યુરોપમાં દર વર્ષે આશરે ૨૫૦૦૦ લોકોના મોત થાય છે. વિકાસશીલ દેશોમાં એન્ટીબાયોટિક્સ પ્રતિરોધી ઈન્ફેક્શનના ભરોસાપાત્ર અંદાજની કમી છે. આ દેશોમાં અન્ય અનેક મોતના કારણ બને છે. ૬૪થી વધારે દેશોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઈ પણ દવા જાતે લઈ લેવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેની અનેક આડ અસર પણ થઈ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઈફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઈ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઈ ઈલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. કોઈ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઈ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઈ લે છે. પરંતુ આવી દવા જાતે લઈ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઈ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઈક્રોબાઈલ એજન્ટ તરીકે પણ જાણીતી છે. આ પ્રકારની દવાનું કામ શરીરમાં કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનને દુર કરવા માટેનુ હોય છે. અલબત્ત એન્ટીબાયોટિક્સ બેક્ટિરિયા, પેરાસાઈટ જેવા માઈક્રો ઓર્ગેનિઝમને ટાર્ગેટ બનાવે છે.

ફાયદો : ડિપ્રેશનનો ખતરો અનેક ગણો ઘટે છે



જલ્દી ઉઠવાથી ઘણા લાભ છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સવારે વહેલી તકે ઉઠી જવાથી ડિપ્રેશનનો ખતરો ઓછો રહે છે. જે લોકો સવારે વહેલી તકે ઉઠી જવાની ટેવ ધરાવે છે તેમનામાં અનેક બિમારીનો ખતરો તો પહેલાથી જ ઘટી જાય છે. તેમની માનસિક સ્થિતી પણ સારી રહે છે. વહેલી તકે ઉઠી જતા લોકોમાં સિજોફ્રેનિયા અને ડિપ્રેશન જેવી માનસિક બિમારીનો ખતરો ખુબ ઓછો રહે છે. આ અભ્યાસમાં અને તબીબો પણ માને છે કે માનસિક સ્વાસ્થને જાળવી રાખવા માટે પણ કેટલીક પહેલ જરૂરી હોય છે. સવારમાં વહેલી તકે ઉઠવાથી ડાયાબિટીસ અને સ્થુળતાનો ખતરો પણ ઓછો રહે છે. નવા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે ડાયાબિટીસ અને સ્થુળતા હોવા સાથે કોઈ સંબંધ નથી. વહેલી સવારે ઉઠી જવાના જે ફાયદા રહેલા છે તેમાં સાફ અને શુદ્ધ ઓક્સીજન ફેફસાને મળે છે. જેના કારણે શ્વાસની તકલીફને દુર કરવામાં મદદ મળે છે. ફેફસા સ્વસ્થ રહે છે. કસરત કરવાથી બ્લડ સરક્યુલેશનમાં વધારો થાય છે. જેના કારણે હાર્ટ મજબુત રહે છે. હાર્ટની બિમારી ઓછી થાય છે. કેટલીક માનસિક બિમારી પણ દુર થાય છે. સવારે ઉઠીને યોગ અને પ્રાણાયામ કરવાથી પણ લાભ થાય છે. દિવસભર તાજગી રહે છે. કામ પર સારી અસર થાય છે. કેટલાક નિષ્ણાંતોએ એમ પણ કહ્યુ છે કે જ્યારે કોઈને બળજબરીપૂર્વક તેની બોડી ક્લોકની સામે ઉઠવા માટે કહેવામાં આવે છે ત્યારે તેની પણ માઠી અસર થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે.

અમેરિકામાં ઈન્ટરનેટ સેક્સ

અમેરિકાની કુલ વસ્તી પૈકી ૨૦ ટકા લોકો દરેક ક્ષણે સેક્સ માણતા રહે છે અને આમાંથી ૧૯ ટકા લોકો ઈન્ટરનેટ સેક્સમાં વ્યસ્ત રહે છે. અમેરિકામાં તાજેતરમાં જ થયેલા સેક્સ સેશન્સમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી હતી. એક કંપની દ્વારા આ સેશન યોજવામાં આવ્યાં બાદ અન્ય ઘણી બાબતો પણ સપાટી ઉપર આવી હતી. આમાં અમેરિકાના ૨૦૦૦થી વધુ લોકોની સેક્સ્યુઅલ એક્ટિવીટીને આધાર બનાવીને તારણો આપવામાં આવ્યાં હતા. આ સર્વેમાં જાણવા મળ્યું કે, અમેરિકાના ૧૦ ટકા લોકો ઓનલાઈન સેક્સ માટે ટ્વિટર અને ફેસબુક જેવા સોસિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે અને આ માધ્યમથી તેઓ સેક્સ મામલે વાતચીત કરે છે. ૨૦ ટકા લોકો એવા જાણવા મળ્યાં જે લોકો ઓન લાઈન સંપર્ક થયા બાદ પોતાના પાર્ટનરને મળ્યાં હતા અને ત્યારબાદ સેક્સ માણ્યું હતું. અલબત્ત સર્વેમાં એવું પણ જાણવા મળ્યું કે, પુરુષો મહિલાઓની સરખામણીમાં સોસિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર સેક્સની વાતો વધુ કરવાનું પસંદ કરે છે. આ સર્વેમાં એમ પણ જાણવા મળ્યું કે, મોટી સંખ્યામાં અમેરિકી લોકો આ પ્રશ્નોના મામલે જવાબ આપવા તૈયાર ન હતા. સર્વે મુજબ અમેરિકાના નોર્થ-ઈસ્ટ ક્ષેત્રના લોકોએ નિખાલસપણે પ્રશ્નોના જવાબ આપ્યા હતા. નોર્થ-ઈસ્ટના લોકોએ સરેરાશ ૧૩૦ વર્ષમાં સેક્સ માણ્યું હતું. જ્યારે દક્ષિણી ક્ષેત્રના લોકોએ આશરે ૧૧૪ વખત સેક્સ માણ્યું હતું. સુરક્ષિત સેક્સના મામલે પ્રશ્નોના જવાબમાં નોર્થ-ઈસ્ટના લોકો વધુ સાવધાન દેખાયા હતા. લોસએન્જલસમાં દરેક વર્ષે એક વ્યક્તિ ૧૩૫ વખત સેક્સ માણે છે. જ્યારે ન્યૂયોર્કમાં આ આંકડો ૧૧૪નો જ છે.


ખુબસુરતીની દવા આવશે

ફિટનેસ અને ખુબસુરતીને જાળવી રાખવા માટે તથા વ્યક્તિ હંમેશા યુવાન રહે તે દિશામાં ઘણી બધી કંપનિઓ જુદાજુદા પ્રકારની દવા બનાવવામાં સક્રિય રહી છે. બજારમાં આજની તારીખમાં પણ ઘણી એવી દવાઓ ઉપલબ્ધ છે જે ખુબસુરતી અને ફિટનેસને ટકાવી રાખવામાં ઉપયોગી બની શકે છે. આવી દવાઓના વેચાણમાં પણ હાલના વર્ષોમાં ઉલ્લેખનિય વધારો થયો છે. વયને અટકાવવામાં અને હંમેશા તરોતાજા રાખવામાં ઉપયોગી બની શકે તેવી દવા આગામી દસ વર્ષમાં બજારમાં ઉપલબ્ધ બને તેવી શક્યતા છે. આ દવાને લઈને અગ્રણી વૈજ્ઞાનિકો ખૂબજ આશાવાદી છે. પ્રોફેસર લિન્ડા પ્રેટ્રિજે જણાયુ છે કે વિજ્ઞાન અતિ ઝડપથી આગળ વધી રહ્યું છે. ઘણી બધી તકલીફને દુર કરી શકે તેવી દવાઓ વિક્સિત કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી કોલેજ લંડનમાં એજિંગના જિનેટિક્સ (વય જનિન)માં નિષ્ણાંત પ્રોફેસરે કહ્યુ છે કે, વૈજ્ઞાનિકો પ્રથમ તબક્કામાં સફળ રીતે આગળ વધી ચુક્યા છે. બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેલે નિષ્ણાંતોને ટાંકીને કહ્યું છે કે મધ્યમ વયથી દરરોજ એક ગોળી લેવાથી શરીરની માંદગીમાંથી મુક્તિ મળશે. સાથે સાથે વય વધવાની પ્રક્રિયામાં બ્રેક મુકાશે. હાર્ટ સાથે સંબંધિત રોગ અને અન્ય કેટલાક રોગને રોકવામાં પણ આ દવા ઉપયોગી સાબિત થશે તેવો દાવો તબીબો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જો કે તબીબો પોતે પણ તારણોને લઈને એકદમ નિશ્ચિત દેખાઈ રહ્યા નથી. કેટલાક સંશોધનમાં એવું પણ સુચવવામાં આવ્યું છે કે સ્કિન અને હેયર પર જવાની જેવાજ રહેશે. એક કાર્યક્રમમાં પ્રેટ્રિજે કહ્યું હતુ કે જો દસ વર્ષની અંદર આ બાબત શક્ય બનશે તો લોકોને ખુબ ફાયદો થશે.

હતાશ થયેલા અનેક લોકોને પ્રેમથી જીંદગી જીવવાનું શીખવતી નટખટ વિધી

સવારનો સમય છે અને રોહન તેની પ્રિયતમા રાગીણીના ફોનની રાહ જોઈ રહ્યો છે. પરંતુ આખો દિવસ રોહ જોયા પછી પણ રોહનની આશા ઠગારી નિવડે છે અને અધુરામાં પુરતુ અનેક વખત રોહને રાગીણીને ફોન કર્યો પરંતુ એક પણ વખત તેણે ફોન ઉપાડવાની તસ્દી ન લીધી. જેના કારણે રોહન ખુબ જ દુઃખી થાય છે. રાત્રે રોહનને પુરતી ઉંઘ આવતી નથી અને તે માત્ર રાગીણીના વિચારોમાં જ ખોવાયેલો રહે છે અને સવાર પડવાની રાહ જોઈ રહ્યો છે. વહેલી સવારમાં રોહન તૈયાર થઈ જાય છે અને રાગીણીના ઘર બાજુ પહેચી જાય છે. રાહુલ જ્યારે રાગીણના ઘર પાસે પહોચે છે ત્યારે તેના ઘરની બહાર લગ્ન સમારંભ હોય તેવો માહોલ હોય છે. રાહુલ કાંઇ સમજે એ પહેલા તો તે રાગીણીને દુલ્હનના પહેવેશમાં જુએ છે ત્યારે રોહનના પગ નીચેથી થોડીવાર માટે જમીન ખસી જાય છે. હજારો લોકોની વચ્ચે આજે રોહન એકલો પડી જાય છે અને હવે શું કરવુ અને રાગીણીએ શા માટે આવુ કર્યુ હશે તે વિચારોમાં ખોવાઇ જાય છે. થોડાવારમાં જ દુલ્હન બનેલી રાગીણી લગ્નની ચોરીમાં પહોચે છે અને લગ્નની વિધી શરૂ થાય છે. આ બાજુ રાગીણી તેના પતિ સાથે નવી જીંદગી શરૂ કરવા જઇ રહી છે તો બીજી બાજુ પ્રેમીકાને પત્નિ બનાવવામાં નિષ્ફળ ગયેલો રોહન ખુજ જ હતાશ થઇ જાય છે અને જીંદગી ટુંકાવવાનો વિચાર કરવા લાગે છે. લગ્નની વિધી પુર્ણ થતા રાગીણી તેના પતિ સાથે સાંસરે જતી રહે છે પરંતુ રાગીણી વગર રોહન સાવ ભાંગી પડે છે અને પોતાના ઘરે જવાના બદલે દુનિયામાંથી વિદાય લેવાનું મનોમન નક્કી કરે છે. રોહન પોતાની પ્રિયતમા સાથે જે જગ્યાએ બગીચામાં નિયમિત બેસતો હતો ત્યાં પહોચી જાય છે અને ખુબ રડે છે. રોહન મૃત્યુને વાહલુ કરે તે પહેલા સોસિયલ મિડીયા પર મિત્રોને જીંદગી ટુકાવી રહ્યો હોવાનો સંદેશ મોકલે છે. રોહનનો મૃત્યુ અંગેનો સંદેશ વાંચતા જ રોહનના મિત્રો ખુબ જ ચિંતિત થઇ જાય છે અને અનેક મિત્રો રોહનને ફોન કરે છે પરંતુ રોહન કોઇનો ફોન ઉપાડતો નથી, માત્ર સોસિયલ મિડીયાના માધ્યમથી મિત્રોને પ્રશ્નોના જવાબ આપી રહ્યો છે.

પ્રેમમાં હતાશ થયેલા અને મૃત્યુનો વિચાર કરી રહેલા રોહન અંગે વિધીને જ્યારે જાણ થાય છે ત્યારે તે રોહન સાથે સંવાદ કરવાનું શરૂ કરે છે. વિધી યુક્તિ પુર્વક રોહનને વિશ્વાસમાં લઇને રાગીણી સાથેની પ્રેમ કહાની સાંભળે છે અને રોહનને કહે છે કે પ્રેમમાં મરવાનું ન હોય, પ્રેમને તો માણવાનો હોય. જ્યાથી મળે ત્યાથી શુધ્ધ પ્રેમ મેળવવો જોઇએ અને સૌને પ્રેમ આપવો જોઇએ. વિધીની વાતની રોહન પર થોડી અસર થાય છે અને રોહન હતાશામાંથી બહાર આવવા લાગે છે. રોહન મૃત્યુના વિચારને ભુલને ફરીથી એ જ મસ્તીથી જીંદગી જીવવાની શરૂઆત કરે છે. પરંતુ વર્ષોથી જેને પ્રેમ કર્યો છે તે રાગીણીને રોહન સરળતાથી ભુલી નહી શકે તે વાત વિધી જાણતી હોવાથી તે રોહનને સમયાંતરે મળતી રહે છે અને રોહનના મનને હળવુ કરતી રહે છે. રોહન વિધીને કહે છે કે હું ડિપ્રેશનમાં નથી જવા માંગતો અને મારે જીંદગી જીવવી છે, હવે મારે શુ કરવુ જોઇએ ત્યારે વિધી જણાવે છે કે, ડિપ્રેશન મનની નકારાત્મક અવસ્થા છે, જે માનસિક શક્તિઓ, ઈચ્છાઓ અને મનોબળને નબળું બનાવે છે. ખાસ આવા સંજોગોમાં તને સારું લાગે તે માટે જરૂરી એવી બાબતોમાં મન પરોવવું જોઈએ.



ડિપ્રેશન સામે લડત આપવી એ સહેલી નથી પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવું



કે આ લડત આપવી અશક્ય પણ નથી. મન મક્કમ કરવાથી તે જતું નથી રહેવાનું પરંતુ થોડું મનોબળ એકઠું કરીને તેની સામે પડવાથી તમારી જાતને મદદ ચોક્કસ કરી શકે છે. તને સારું લાગે તેવી પરિસ્થિતિ સર્જાતા થોડો સમય લાગશે પરંતુ તે માટે તમારે રોજ-બરોજ પ્રયત્નશીલ રહેવું પડશે અને નાની નાની હકારાત્મકતાઓને ધ્યાનમાં રાખવી પડશે. યાદ રાખ જ્યારે તને હતાશાનો અનુભવત થતો હોય અને તમે દ્વઢતા પૂર્વક એ હતાશાનો સામનો કરવા માનસિક રીતે તૈયાર થા. તારી આ માનસિક તૈયારી જ તને ઝડપથી સાજા થવામાં ચોક્કસ મદદરૂપ થશે. વિધીની દરેક વાત રોહન ધ્યાન પુર્વક સાંભળી રહ્યો છે અને વિધી ડિપ્રેસનમાંથી બહાર આવવાની વધુ સમજ આપતા કહે છે કે, ડિપ્રેસનની સારવારમાં સૌથી અગત્યનો ભાગ તારે પોતે જ ભજવવાનો છે. તારા કુટુંબીજનો, મિત્રો, સ્નેહીઓ કે ડોક્ટર તને જેટલી મદદ કરી શકે છે તેના કરતાં ઘણી વધુ મદદ તું તારી જાતને કરી શકે છે. ડોક્ટર દવા કરશે, કાઉન્સેલિંગ કરશે અને બીજા ટેકો આપશે, હિંમત આપશે પણ બધો જ બદલાવ તો તારે જાતે જ લાવવાનો છે. ડિપ્રેશન એ મનની નકારાત્મક અવસ્થા છે, જેમાં વ્યક્તિનું મનોબળ નબળું પડતું હોય છે અને તેને અન્ય વ્યક્તિઓના સહારાની એક માનસિક જરૂરિયાત રહેતી હોય છે. તારી સાથે સાચી લાગણીથી જોડાયેલા મિત્રો-સ્નેહીઓ તને ખુબ જરૂરી એવો ટેકો ચોક્કસ આપી શકે છે અને તમને ઝડપથી સાજા થવામાં મદદરૂપ થઈ શકે છે પરંતુ આ તબક્કે એક બાબત બરાબર યાદ રાખવી પડે કે જે વ્યક્તિ તારી લાગણીઓને સાચા અર્થમાં સમજી શકતી ના હોય અથવા જેને તારી માનસિક અવસ્થા સાથે કોઈ લેવા દેવા ના હોય તેવી વ્યક્તિઓ સાથે ક્યારેય તારી મનોવ્યથાની ચર્ચા ના કરવી જોઈએ. આવી વ્યક્તિઓને માત્ર સલાહો આપવા સિવાય બીજો કોઈ રસ નથી હોતો અને એ સરવાળે તારી હતાશામાં વધારો કરતી હોય છે. ડિપ્રેશનમાં તારી જાતને મદદ કરવામાં હંમેશા યાદ રાખ કે સાચી વ્યક્તિ સાથે તારી લાગણીઓ વહેંચવાથી તું ઝડપથી સાજો થઇશ અને ખોટી વ્યક્તિઓ મનઘડત સલાહ સૂચનોથી તારી તકલીફોમાં વધારો કરી શકે છે. ઘણાં લેભાગુઓ તારા જેવા વ્યક્તિની હતાશ મનોદશાનો પોતપોતાની રીતે લાભ ઉઠાવવામાં માહેર હોય છે. વ્યક્તિની નકારાત્મક અવસ્થાનો લાભ ઉઠાવીને પોતાનો ધંધો કરતાં હોય છે કારણ કે હતાશ વ્યક્તિ પોતાની હતાશા દૂર કરવા ગમે તેવી અંધશ્રધ્ધામાં સહેલાઈથી દોરાઈ જતાં હોય છે અને સરવાળે સરળતાથી છેતરાઈ જતાં હોય છે.

આ બધુ સાંભળીને રોહન કહે છે કે વિધી તારી સાથે સતત સંવાદ કરવાથી મારી હતાશા તો ક્યાંય ને ક્યાંય દુર ભાગી ગઇ છે અને હવે હું મારી જીંદગી પ્રેમથી જીવી શકવા માટે સક્ષમ બન્યો છું. કદાચ સમયસર તું ન મળી હોત તો આજે રોહન હયાન ન હોય ત્યારે વિધી કહે છે કે હવે ફરીથી ક્યારેય અપમૃત્યુનો વિચાર ન કરતો અને કોઈ પણ મુશ્કેલી હોય તો વિધીને સૌ પહેલા યાદ કરજે. થોડા મહિનાઓ પછી રોહન પોતાનો વ્યવસાય શરૂ કરે છે અને સામાજીક રીત રીવાજ મુજબ પરીવાર દ્વારા નક્કી કરવામાં આવેલ યુવતિ સાથે લગ્ન કરીને નવી જીંદગીની શરૂઆત કરે છે. લગ્ન પછી રોહન પ્રેમમાં નિષ્ફળ ગયેલા અનેક લોકોને નિયમિત મળતો રહે છે અને વિધીની મદદથી આવા લોકોને જરૂરી માર્ગદર્શન આપી રહ્યો છે. રોહન પોતાનું જ ઉદાહરણ આપીને વિધીની સલાહ પ્રમાણે અનેક લોકોની જીંદગી બચાવે છે. તો આ બાજુ નટખટ વિધી અવિરત હતાશ થયેલા લોકોને મળતી રહે છે અને પ્રેમથી જીંદગી જીવવા માટે પ્રોત્સાહીત કરતી રહે છે. વિધી સોસિયલ મિડીયાનો સકારાત્મક ઉપયોગ કરીને લોકો સાથે સંવાદ કરી મદદરૂપ બની રહી છે. (નામ બદલેલ છે)

ભાજપ શું લોકસભા ચૂંટણીમાં એકલા હાથે સરકાર બનાવી લેશે....!!?

આપણે ત્યાં રાજકારણીઓ બોલવા બેસે ત્યારે ક્યારેક એવી વાતો કરી બેસતા હોય છે કે, જેના કારણે પોતે જ ફસાઈ જાય ને લોકોની નજરમાં હાસ્યાસ્પદ લાગે. રાજકારણીઓના ચાવવાના ને બતાવવાના જુદા જુદા હોય છે તેનો અહેસાસ લોકોને થઈ જતો હોય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સુરતમાં આગામી લોકસભાની ચૂંટણીને મુદ્દે કરેલી વાત પછી એવી જ હાલત થઈ છે. મોદીએ બુધવારે કેટલાક કાર્યક્રમો માટે સુરતમાં પધરામણી કરેલી ને એ દરમિયાન તેમણે લોકોને આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને ચોખ્ખી બહુમતી અપાવવા અપીલ કરી કે જેથી સરકાર સ્પષ્ટ ને આકરા નિર્ણયો લઈ શકે. મોદીએ પોતાને સ્પષ્ટ બહુમતી આપવા માટે એવું કારણ આપ્યું છે કે, ચોખ્ખી બહુમતી ના હોય એવી સરકારો સારી રીતે કામ કરી શકતી નથી તેથી ગઠબંધનની સરકારો ના હોવી જોઈએ.

મોદીની આ વાત સામે કૉંગ્રેસ તરત મેદાનમાં આવી ગઈ ને કૉંગ્રેસના ખજાનચી અહદમ પટેલે તો તરત જ ટ્વિટ કરી દીધું કે, મોદીને ગઠબંધન સરકારો સામે આટલો વાંધો હોય ને આ સરકારો કામ નથી કરી શકતી એવું લાગતું હોય તો મહારાષ્ટ્ર, બિહાર ને ગોવામાંથી ગઠબંધન સરકારોમાંથી ખસી કેમ જતા નથી ? મહારાષ્ટ્રમાં ભાજપનું શિવસેના સાથે જોડાણ છે ને બંને સત્તામાં ભાગીદાર છે. બિહારમાં જેડીયુના નીતીશ કુમાર મુખ્યમંત્રી છે ને ભાજપ તેમની સરકારમાં ભાગીદાર છે. ગોઆમાં તો ભાજપ સાવ ખિચડો કહેવાય એવી સરકારમાં મુખ્ય ભાગીદાર છે. ભાજપના મનોહર પર્રિકર મુખ્યમંત્રી છે ને તેમની સરકાર મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી, ગોવા ફોરવર્ડ પાર્ટી, એનસીપી ને અપક્ષો એમ ચાર-ચાર કાંખઘોડી પર ટકેલી છે. અહમદ પટેલે નામ ના આપ્યાં પણ ઉત્તર-પૂર્વનાં બીજાં કેટલાંક રાજ્યોમાં પણ ભાજપ મોરચા સરકારોમાં ભાગીદાર છે જ.

અહમદ પટેલે શરૂઆત કરી એટલે કૉંગ્રેસના બીજા નેતાઓ પણ લાગુ પડી ગયા ને મોદી વિરોધી કોરસ શરૂ થઈ ગયું. આ કોરસનો સાર એ છે કે, ત્રણ રાજ્યોની ચૂંટણીમાં મળેલી હારથી નરેન્દ્ર મોદી બઘવાઈ ગયા છે ને હાર ભાળી ગયા છે એટલે આ બધી વાતો કરવા માંડ્યા છે. કૉંગ્રેસના નેતાઓ જે વાત કરે છે એ રાજકીય વાતો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ હારી જશે એ કહેવું વધારે પડતું છે એ જોતાં મોદી હારના ડરથી આ વાતો કરી રહ્યા છે એ વાત બાજુ પર મૂકીએ પણ મોદીએ ચૂંટણીમાં મળેલી હારની વાત કરી એ મહત્ત્વની છે તેથી તેની ચર્ચા કરવી જરૂરી છે.

મોદીના કહેવા પ્રમાણે મોરચા સરકારોના કામમાં ઝાઝી ભલીવાર નથી હોતી ને તેમાં દેશનું ભલું નથી. આપણો અત્યાર લગીની આવી ખિચડા સરકારોનો અનુભવ તેનો પુરાવો છે. મોરારજી દેસાઈ, વી.પી. સિંહ, ચંદ્રશેખર, નરસિંહરાવ, દેવ ગૌડા, ઈન્દર કુમાર ગુજરાલ, અટલ બિહારી વાજપેયી, મનમોહન સિંહ એ બધા વડા પ્રધાનોએ અત્યાર લગી ખિચડા સરકારો આપી ને તેમણે શું કર્યું એ આપણી નજર સામે છે. જો કે સામે જેમની પાસે સ્પષ્ટ બહુમતી હતી એવી ઈન્દિરા ગાંધી કે રાજીવ ગાંધીની સરકારોએ પણ શું કર્યું એ પણ આપણી નજર સામે છે. મોદી સરકાર પાસે પણ સ્પષ્ટ બહુમતી હતી જ ને તેમણે પોણા પાંચ વર્ષમાં શું કર્યું એ પણ આપણી નજર સામે છે. કોઈ પોતાની માને ડાકણ ના કહે એ હિસાબે મોદી પણ પોતાની સરકારની ટીકા ના જ કરે પણ તેમનો કાર્યકાળ પણ બહુ વખાણવા જેવો નથી. મોદીએ પોણા પાંચ વર્ષમાં કરેલાં કામ કરતાં બહેતર કામ તો નરસિંહરાવે ખિચડા સરકાર હોવા છતાં પાંચ વર્ષમાં કરેલા જ. રાજીવ ગાંધી બોફોર્સ કાંડમાં ખરડાયા, બાકી તેમણે પણ પાંચ વર્ષમાં દેશની કાયાપલટ તો કરી નાંખી જ હતી ને ટેલિકોમ ક્રાંતિ સહિતનાં તેમનાં કામો આજે પણ વખાણવાં પડે એમ છે જ. એ રીતે જોઈએ તો સ્પષ્ટ બહુમતી ધરાવતી સરકારોમાં ને ગઠબંધન સરકારોમાં ઝાઝો ફરક નથી.

જો કે મુખ્ય સવાલ ગઠબંધન સરકારોને પસંદ કરવી કે ના કરવી તેનો છે ને મોદીની વાત દંભનો નાદાર નમૂનો છે. મોદી માનતા હોય કે, ગઠબંધન સરકારો સારી રીતે કામ નથી કરી શકતી તો તેમણે શું કરવા અત્યાર લગી દેશ પર ગઠબંધન સરકારો થોપી ? અહમદ પટેલે જે ત્રણ રાજ્યોની વાત કરી એ સિવાય બીજાં કેટલાંય રાજ્યોમાં ભાજપે અત્યાર લગી એવી ગઠબંધન સરકારો બનાવી જ છે કે જેમાં કઈ સિદ્ધાંત ના હોય ને માત્ર સત્તાની લાલસા જ હોય. જમ્મુ અને કાશ્મીરની પીડીપી સાથેનું ભાજપનું જોડાણ તેનો પુરાવો છે. આ ગઠબંધન સરકાર મોદીના શાસનમાં જ બની તો મોદીએ એ વખતે કેમ એવો વિચાર ના કર્યો કે, ગઠબંધન સરકારો સારી રીતે કામ નથી કરતી તો આપણે ગઠબંધન નથી કરવું ? ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં તો ભાજપે પોતાના બે ધારાસભ્યો હોય ને તોડફોડ કરીને સરકાર રચી હોય એવા પણ દાખલા છે. એ વખતે આ વિચારધારા ક્યાં ગઈ હતી ? આ બેવડાં ધોરણ કહેવાય ને મોદી તેનું જ પ્રદર્શન કરી રહ્યા છે. ભારતમાં હવે ગઠબંધન સરકારો વાસ્તવિકતા છે ને આ વાસ્તવિકતા બધાંએ સ્વીકારવી પડે. મોદી આચરણમાં એ વાત સ્વીકારી રહ્યા છે પણ વાતો કરવા બેસે ત્યારે એ દેશના હિતમાં નથી એવી હોંશિયારી મારે એ ના ચાલે.

ભાજપને ચોખ્ખી બહુમતી ના મળે એ સંજોગોમાં મોદી સરકાર રચીને બહુમતી મેળવવા માટે આલિયા માલિયાઓના પગ પકડીને ફાંફાં મારવાના બદલે સીધા વિરોધ પક્ષમાં બેસવાની હિંમત બતાવશે કે નહીં એ ખબર નથી. આ વાત પણ અત્યારે અસ્થાને કહેવાય કેમ કે બધું જો અને તો પર આધારિત છે પણ ભૂતકાળમાં રાજીવ ગાંધીએ એવી હિંમત બતાવેલી એ કબૂલવું પડે. ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં ૪૧૪ બેઠકોની જંગી બહુમતી મેળવીને વિરોધ પક્ષોને સાફ કરી નાંખનારા રાજીવ ગાંધીને ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં બોફોર્સ કૌભાંડ નડી ગયેલું. અયોધ્યામાં રામમંદિર નિર્માણનો મુદ્દો પણ ચગેલો તેની પણ અસર થયેલી. વિશ્વનાથ પ્રતાપસિંહે ભ્રષ્ટાચાર સામે જંગ છેડ્યો તેમાં લોકોને તેમનામાં દેશની કાયાપલટ કરવી નાંખનારો મસિહા દેખાવા માંડેલો. આ બધાં કારણોસર ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસનું પડીકું થઈ ગયેલું ને તેને ૫૪૫ બેઠકોમાંથી ૧૯૭ બેઠકો મળેલી. એ વખતે વિશ્વનાથ પ્રતાપસિંહના જનતા દળને ૧૪૩ ને ભાજપને ૮૫ બેઠકો મળેલી. ડાબેરી મોરચાને બધી મળીને પર બેઠકો મળેલી. બાકીની બેઠકો છૂટપૂટિયા પક્ષોને મળેલી.

કૉંગ્રેસ એ વખતે સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી હતી ને પરંપરાના હિસાબે તેમને સરકાર રચવાનું નિમંત્રણ મળી શકે તેમ હતું પણ રાજીવ ગાંધીએ સરકાર રચવાનો સાફ ઈનકાર કરી દીધેલો. તેમણે બહુ સહજતાથી જનાદેશનો સ્વીકાર કરીને વિરોધ પક્ષમાં બેસવાની જાહેરાત કરેલી. કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી માટે બીજી ૭૬ બેઠકો જોઈતી હતી ને એટલી બેઠકોનો વેત થઈ શકે તેમ નહોતો. પશ્ચિમ બંગાળમાં એ વખતે ડાબેરીઓ સત્તામાં હતા ને કૉંગ્રેસ સૌથી મોટો વિરોધ પક્ષ હતો. મમતા બેનર્જી કૉંગ્રેસમાં જ હતાં ને તેમની તૃણમૂલ કૉંગ્રેસ અસ્તિત્વમાં જ નહોતી આવી. ડાબેરીઓ ઘણે ઠેકાણે જનતા દળ સાથે સમજૂતી કરીને લડેલા એ કારણસર પણ એ કૉંગ્રેસને ટેકો આપવા તૈયાર થાય એમ નહોતા. ભાજપને તો કૉંગ્રેસ સાથે બારમો ચંદ્રમા હતો જ તેથી એ તો કૉંગ્રેસને ટેકો આપે એ વાતમાં માલ જ નહોતો.

આ સંજોગોમાં રાજીવ ગાંધી સૌથી મોટા પક્ષ તરીકે સરકાર રચે તો પણ સ્પષ્ટ બહુમતી સાબિત કરી શકે તેમ નહોતા. આ વાસ્તવિકતા તેમણે સહજ રીતે સ્વીકારી લીધેલી ને સરકાર રચવા કોઈ પ્રયત્ન નહોતા કર્યા. મજાની વાત એ છે કે, ૧૯૯૬ની લોકસભા ચૂંટણી પછી અટલ બિહારી વાજપેયી પણ રાજીવ જેવી સ્થિતિમાં જ હતા. ભાજપને એ વખતે ૧૬૨ બેઠકો મળેલી ને બહુમતી સાબિત કરવા બીજી ૧૧૧ બેઠકો જોઈતી હતી. ભાજપને ક્યાંયથી એટલી બેઠકો મળે એમ હતી જ નહીં. રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માએ પરંપરાને અનુસરીને સૌથી મોટા પક્ષ તરીકે વાજપેયીને નિમંત્રણ આપ્યું. વાજપેયી રાજીવની જેમ વાસ્તવિકતાને સ્વીકારી ના શક્યા ને વડા પ્રધાનપદે બેસવાનો મોહ ના રોકી શક્યા તેમાં ૧૩ દિવસમાં જ તેમની સરકારનું અચ્યુતમ કેશવમ થઈ ગયેલું.

મોદીની શું હાલત થશે એ ખબર નથી કેમ કે લોકસભાની ચૂંટણીને હજુ વાર છે. આ ચૂંટણીનાં પરિણામ શું હશે તેની પણ આપણે ખબર નથી પણ ધારો કે મોદી પણ આવી સ્થિતિમાં મુકાય તો શું કરશે એ જાણવું રસપ્રદ થઈ પડે.

વલસાડ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય આયોજિત જીવનમૂલ્યદર્શન આધ્યાત્મિક મેળાનો શુભારંભ



વલસાડ

વલસાડની બાઇ આવાંબાઇ હાઇસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત જીવનમૂલ્ય દર્શન આધ્યાત્મિક મેળાનું ઉદ્‌ઘાટન કરતાં અમદાવાદના તપસ્વિની બ્રહ્માકુમારી શારદાદેવીએ જણાવ્યું હતું કે, જીવનમૂલ્યોને ઉજાગર કરવાથી ભ્રષ્ટાચાર, પાપાચારમુક્ત સમાજ લાવી શકીશું.

વલસાડ સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી રંજનદીદીએ સ્વાગત પ્રવચનમાં મેળાનો ઉદ્દેશ સમજાવતાં જણાવ્યું હતું કે, જીવનમાં મૂલ્યોને ગુમાવવાથી માનવ દુ:ખ-અશાંતિનો અનુભવ કરી રહ્યો છે. તેમણે તા.૫થી ૯ ફેબ્રુઆરી દરમિયાન સાંજે ૭-૦૦ થી ૮-૩૦ દરમિયાન આંતરરાષ્ટ્રીય વકતા માઉન્ટ આબુના રાજયોગીની બ્રહ્માકુમારી ઉષાદીદીના 'જીના ઉસીકા નામ હૈ' વિષય ઉપર આધ્યાત્મિક પ્રવચનમાલાનો સૌને લાભ લેવા અનુરોધ કર્યો હતો. મેળાના સ્થળે આધ્યાત્મિક મૂલ્યોને ઉજાગર કરવા માટે વેલ્યુ ગેઇમ, વ્યસનમુકિત સ્ટોલ, હલન-ચલન કરતો કુંભકર્ણ, ૧૨ જ્યોતિર્લિંગ, બર્ફાની બાબા અમરનાથ દર્શન જેવો સ્ટોલ્સના તા.૪થી ફેબ્રુઆરી સુધી બપોરે ૩-૦૦ થી રાત્રિના ૯-૦૦ કલાક સુધી લાભ લેવા પણ જણાવ્યું હતું. વલસાડ નગરપાલિકાના પૂર્વપ્રમુખ સોનલ સોલંકી તેમજ કચ્છી સમાજના પ્રમુખ ધરમસિંહભાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. બ્રહ્માકુમાર રોહિતભાઇએ આભારવિધિ કરી હતી.

નવસારી મહિલા કોલેજ ખાતે ડિસ્ટ્રીકટ યુથ પાર્લામેન્ટ યોજાઇ



નવસારી

ભારત સરકારના યુવા તથા ખેલ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં યોજાનાર નેશનલ યુથ પાર્લામેન્ટના ભાગરૂપે નવસારી જિલ્લાના ડિસ્ટ્રીકટ યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસગે ભકતાશ્રમના કેમ્પસ ડિરેકટર ધર્મેશ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ૧૮ થી ૨૫ વર્ષની ઉંમરના યુવાનો રાજનિતિમાં સક્રિય થાય, નવ ભારતના નિર્માણમાં યુવા પેઢીનો અવાજ બુલંદ થાય અને તેઓના રાષ્ટ્ર ઉત્થાનભિમૂખ બનાવવા ભારત સરકાર દ્વારા યુથ પાર્લામેન્ટ યોજાઇ હતી.

કાર્યક્રમની શરૂઆત મહિલા કોલેજના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર અને ડિસ્ટ્રીકટ યુથ પાર્લામેન્ટના એન.એસ.એસ.કક્ષાના નોડલ ઓફિસર નજમાબેન મલેક કહ્યું હતું કે, યુવા પ્રેરણામર્તિ સ્વામી વિવેકાનંદજીના જન્મદિવસથી શરૂ થયેલા આ લોકશાહી ઉત્સવ ૨૪ ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં જિલ્લા રાજય તથા રાષ્ટ્રીયકક્ષાએ પાર્લામેન્ટ યોજાશે. જિલ્લાકક્ષાએ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનોએ ભાગ લેવા માટે જિલ્લાકક્ષાએ ઓફલાઇન (વોક ઇન સ્કીનીંગ) તથા ઓનલાઇન (યુ ટયુબ) પર વિડીયો અપલોડ કરી સ્કીનીંગની પ્રક્રિયા દ્વારા ૭૧ જેટલા યુવાનો પસંદગી પામ્યા હતાં. નવસારી મહિલા કોલેજ ખાતે આતંકવાદ પર વૈશ્વિકકક્ષાએ ભારત દ્વારા ઉઠાવેલ નવા પગલા અને તેની અસરો, આર્થિક અપરાધ પર વૈશ્વિક અભિયાન અને ભારતનું પ્રદાન, કલાઇમેન્ટ ચેન્જ અને પર્યાવરણ પર થનારી અસરમાં વૈશ્વિક જાગૃતિમાં ભારતનું પ્રદાન તથા ખેલો ઇન્ડિયા ભારત સરકાર કાર્યક્રમ ઉભરતા રમતવીરો માટે પ્રવેશદ્વાર વિષયો પર રજૂઆત કરવાની હતી. જેમાં કુલ-૫ યુવાનોને રાજયકક્ષા માટે પસંદગી કરવામાં અવ્યા હતાં. જેમાં પટેલ આરિફ ઇબ્રાહીમ, કસ્બાવાલા કુણાલ, પટેલ, સેજલ, તૈલી, આરતી, પરમાર અપૂર્વસિંહ કે જેઓ રાજયકક્ષાએ નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે ખેરગામ કોલેજના ડો.સંજય પટેલ, ડી.ડી.લો કોલેજના બિંદીયા પટેલ, મહિલા કોલેજના દિપકભાઇ રાજગરી, જયશ્રીબેન પટેલ તથા શિક્ષિકા ભાવના પટેલે સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુવા કાર્યકરો, ડો.અંકિત દેસાઇ, સનમ પટેલ, સાહિલ મેપાણી, પૂનમ, ધર્મેશ, મહિલા કોલેજના શ્રી દાસ, સંજયભાઇતથા મહિલા કોલેજ સ્ટુડન્ટ કાઉન્સીલે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

ખેડૂતોને ટેકનોલોજી દ્વારા નિ:શુલ્ક માહિતી મળી રહે તે માટે

રિલાયન્સ ફાઉન્ડેશન અને નવસારી કૃષિ યુનિવર્સિટી વચ્ચે એમઓયુ કરાવામાં આવ્યા

ખેડૂતો મોબાઈલ ના માધ્યમથી ઘરે બેઠા પ્રશ્નોનું નિરાકરણ ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦ દ્વારા તેમજ મોબાઈલ કોન્ફરન્સ દ્વારા મેળવી શકશે



નવસારી

રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઈન્ફર્મેશન સર્વિસિસ કાર્યક્રમ હેઠળ રાજ્યની કૃષિ યુનિવર્સિટી, ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ, આત્મા વિભાગ, પશુપાલન વિભાગ, રોજગાર વિભાગના તાંત્રિક સહયોગથી ગુજરાતનાં ખેડૂતો, પશુપાલકો, માછીમારોને ટેકનોલોજીના ઉપયોગથી વોઇસ મેસેજ, ટેકસ્ટ મેસેજ, જીઓ ચેટ ચેનલ, વોટ્સ એપ દ્વારા તમામ માહિતી મોબાઈલ પર વિનામુલ્યે આપવામાં આવે છે તેમજ મોબાઈલ પર કોન્ફરન્સ કોલ દ્વારા ૪૦ થી ૫૦ ખેડૂતો, પશુપાલકોને, ને જોડીને તેમના ખેતી, પશુપાલન ને લગતા પ્રશ્નોનું નિરાકરણ ઘરે બેઠા તેમના મોબાઈલ પર કરવામાં આવે છે.લાઈવ વિડિયો કોન્ફરન્સ, યુ ટ્યુબ લાઈવ કાર્યક્રમ, અને લાઈવ ફોન ઈન કાર્યક્રમ, વિડીયો કોન્ફરન્સ જેવા ટેકનોલોજિકલ પ્લેટફોર્મ દ્વારા ખેતી, પશુપાલન, મત્સ્યોધ્યોગ ,રોજગાર વિષયક તમામ માહિતી પહોચાડે છે અને સરકારી સંસ્થાઓ જેવી કે કૃષિ યુનિવર્સિટી, ખેતીવાડી, પશુપાલન, મત્સ્ય, આરોગ્ય, રોજગારજેવા વિભાગો અને ખેડૂતો, પશુપાલકો, સાગરખેડુ મિત્રો વચ્ચે સેતુરૂપ કાર્યો કરે છે. આ ઉપરાંત સરકાર દ્વારા યોજાતા રોજગાર ભરતી મેળાની માહિતી રોજગાર વિભાગ પાસેથી મેળવીને જરૂરિયાતમંદ ને તેમના મોબાઈલ પર એસ એમ એસ અને વોઇસ મેસેજ દ્વારા પહોચાડે છે. રિલાયન્સ ફાઉન્ડેશન ના ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦ ઉપયોગથી ખેડૂત મિત્રો ખેતી, પશુપાલન, મત્સ્યોધ્યોગ વિષયક તમામ માહિતી મફત મેળવી શકે છે. નવસારી કૃષિ યુનિવર્સિટી ખેડૂતો ઉપયોગી વિવિધ સંશોધનો કૃષિ વિસ્તરણ દ્વારા ખેડૂતો સુધી પહોચાડે છે.

રિલાયન્સ ફાઉન્ડેશન અને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂત મિત્રોને ટેકનોલોજી આધારિત વિવિધ સેવાઓ વ્યાપકરૂપે નિશુલ્ક મળી રહે તે માટે રિલાયન્સ ફાઉન્ડેશનની વિવિધ ટેકનોલોજિકલ સેવાઓમાં તાંત્રિક જ્ઞાન નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા પુરુ પાડવામાં આવ છે. આ એમઓયુ દ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સેંશોધન કેન્દ્ર માથી સાચી માહિતી સમયસર ખેડૂતો, પશુપાલકો, માછીમાર મિત્રોને મોબાઈલ મારફત પહોચાડવાના રિલાયન્સ ફાઉન્ડેશનના ડિજિટલ ટેકનોલોજી પ્લેટફોર્મના પ્રયાસ ને વેગ મળશે. તેમજ સમયાંતરે વિવિધ ટેકનોલોજિ પ્રોગ્રામના માધ્યમથી નવસારી કૃષિ યુનિવર્સિટી ના વૈજ્ઞાનિકોનું ઘરે બેઠા માર્ગદર્શન મળી રહેશે. આ પ્રસંગે કુલપતિ શ્રી ડો. સી જે ડાંગરીયા, ડો. જી આર પટેલ, શ્રી કૃણાલ પટેલદ્વારા કરારની અદલાબદલી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડો. એસ. ડી કાવડ નવસારી કૃષિ યુનિવર્સિટી, રેનીશ ભરુચવાલા અને નિતેશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

મોવાસા ગામખાતે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નવસારી

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા વિવિધ પર્યાવરણ સંવર્ધનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમજ ભારત સરકારે 'ગ્રીન ગુડ્સ ડીડ્સ' નામના કાર્યક્રમ દ્વારા વિવિધ ગ્રામ્ય વિસ્તારના લોકોમાં પર્યાવરણ સંવર્ધનલક્ષી જાગૃતિ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. વિંગ્સ ફાઉન્ડેશન દ્વારા નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં મોવાસા ગામમાં ગ્રામ પંચાયત ખાતો પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

વિંગ્સ ફાઉન્ડેશનના ડો. વિભાબેન પટેલે પર્યાવરણના વિવિધ પાસાઓ જેવા કે, રોજિંદા જીવન સાથે સંકળાયેલી બાબતો, રસોડામાં પર્યાવરણ, વાહન વ્યવહારની યોગ્ય પદ્ધતિ અને વિવેકપૂર્વક ઉપયોગ, ખેતી વાડી, પાણી બચાવો અને હવામાન સ્વચ્છ રહે તે માટેના વિવિધ પગલાઓ વગેરે મુદાઓ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. દરિયા કિનારે થતી પ્રવૃતિઓ અંગે ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ સી. આર. ઝેડ કાયદા અંગે માહિતી આપવામાં આવી. જમીન અને દરિયાઈ પ્રદૂષણ કઈ રીતે થાય છે. તેનાથી શું નુકશાન થાય છે તેમજ તે અટકાવવાના વિવિધ પગલાઓ વિશે ડોક્યુમેન્ટરી ફિલ્મ 'આપનો દરિયો આપણું જીવન' દ્વારા આપવામાં આવી હતી.







ગણદેવીમાં અંધશ્રધ્ધા ફેલાવી આદિવાસી લોકોનું ધર્મ પરિવર્તન કરાતું હોવાની ફરિયાદ

આદિવાસી સમાજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

સુરત

ગણદેવી તાલુકાના ગણદેવા ગામમાં કેટલાંક સમયથી ગરીબ આદિવાસી સમાજમાં અંધશ્રધ્ધા ફેલાવીને ધર્માંતરણ કરનાર અને ગેરકાયદેસર ચર્ચ બાંધનાર ખ્રિસ્તી મીશન સામે કાયદેસરની કાર્યવાહી અંગે આદિવાસી સમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી માંગણી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામે છેલ્લા કેટલાકસમયથી આદિવાસી (ગરીબ) સમાજમાં અંધશ્રદ્ધા ફેલાવીને ગેરકાયદેસર ધર્માંતરણ કરનાર અને ગેરકાયદેસર ચર્ચ બનાવવાની ઘટના સામે આવી હતી. જે અંગે આજરોજ આદિવાસી સમાજના આગેવાનો દ્વારા નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને તેમાં જણાવ્યું છે કે, ગણદેવા ગામમાં કેટલાંક સભ્યથી ખ્રિસ્તી મીશનરીઓ દ્વારા ગરીબ આદિવાસી હળપતિ સમજના લોકોની ગરીબ અને અભણતાનો લાભ ઉઠાવી ફોસલાવી લોભ લાલચ આપી પ્રલોભન આપીને ચર્ચામાંલઈ જતા હોય છે. બીમાર પડેલ માણસોને ચર્ચમાં જવાથી સાજા થઈ જતા હોવાની વાતો કરીને ચર્ચમાં લઈ જઈને મંત્રેલું પાણી આપવામાં આવે છે. જે પાણી પીવાથી બીમાર પડેલ વ્યકિત સાજો થઈ જાય છે. અંધશ્રદ્ધાની કામગીરી કરે છે. તેમજ રવિવારે ચર્ચમાં પ્રાર્થના કરાવે છે. ગરીબોને દવાખાનામાં લઈ જવાને બદલે ચર્ચમાં લઈ જવામાં આવે છે. ઘણાં બિમાર માણસોને ડરાવીને દવાખાને જવા દેતા નથી તેના કારણે અત્યાર સુધીમાં ચાર લોકોનું મરણ થયું અને ગામમાં ખ્રિસ્તી મીશનરીઓની તેમણે ધર્માંતરણ દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા વિના ધર્મ સ્વતંત્ર અધિનિયમ ૨૦૧૩-૮મી એપ્રિલ ક્રમાંક ૨૨ની કલમ ૩, ૪, અને ૫નું ઉલ્લંઘન કરેલ છે. જેની સામે કાયદાકીય રીતે કડક પગલાં ભરવા માગણી કરી હતી. પરવાનગી વિના બાંધવામાં આવેલ ચર્ચા પણ ગેરકાયદેસર છે. કાયદાકીય કાર્યવાહી કરવા જણાવી હાલમાં બનેલ ખ્રિસ્તીઓનો ધર્મ સ્વીકારનાર હળપતિઓનો દરજ્જો બંધ કરી તેમને આપવામાં આવેલ તમામ અધિકારો બંધ કરવા માગણી કરી હતી.

ગણદેવી તાલુકાના માસા ખાતે “ ગ્રીન ગુડ્સ ડીડ્સ અને બ્લુ ગુડ્સ ડીડ્સ” પ્રોગ્રામ દ્વારા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નવસારી

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ગુજરાત ઈકોલોજી કમિશન અને વિંગ્સ ફાઉન્ડેશનના સહિયારા પ્રયાસથી “ ગ્રીન ગુડ્સ ડીડ્સ અને બ્લુ ગુડ્સ ડીડ્સ ” કાર્યક્રમ ચલાવવામાં આવે છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં માસા ગામમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન દરિયા સંવર્ધન અને સરક્ષણ, ખેતી –પશુપાલન, જળ સ્ત્રોતો, સફાઈ –સ્વચ્છતા, આપણું રસોડુ, આપણું પર્યાવરણ અને આપણી બચત વિષય પર ચર્ચા કરી રોજિંદા જીવન સાથે વણાયેલી વાતોથી સમજ આપવામાં આવી હતી. ગ્રામજનોને પર્યાવરણલક્ષી ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી તેમજ વિવિધ સ્પર્ધાઓ યોજીને વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ભૂમિ સંવર્ધનના સંકલ્પ લેવડાવવામાં આવ્યા.

કતારગામ લેક ગાર્ડનમાં પતંજલી ગ્રુપ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિર

સુરત

ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન કાંસાનગર કતારગામ સ્થિત પતંજલી રામદેવ વાળા ગ્રુપ હસ્તક રોજ સવારે ૬ થી ૭ યોગથી મફત તાલીમ ગાર્ડન પાસે ડોમ આપવામાં આવે છે. ઉપરોક્ત મફત યોગ તાલીમમાં શિક્ષકો માનદસેવા આપે છે. જેવા કે રાકેશભાઈ પટેલ, પ્રકાશભાઈ વસીરપરા, વિનોદભાઈ પટેલ, જયંતીભાઈ ડોબરીયા, મનસુખભાઈ મોણપરા, ઈશાબેન પટેલ તથા મીડિયાના કન્વીનર મહેશ ડોક્ટર સેવા આપે છે. જરૂરીયાતમંદે લાભ લેવા વિનંતી.

ડીંડોલી ગોવિંદ નગરમાં ઉછીના રૂપિયા બાબતે એકનું ચપ્પુ મરાયું

પેટમાં ચપ્પુના ઘા ઝીંકી દેવાતા યુવકની હાલત ગંભીર

ડીંડોલી ગોવર્ધન નગરમાં ઉછીના રૂપિયા બાબતે ઝઘડો કરી બે જણાંએ એક વ્યકિતને ચપ્પુના ઘા ઝીંકી માર માર્યાનો બનાવ ડીંડોલી પોલીસ મથકે નોંધાયો હતો. નવાગામ ડીંડોલી ગોવર્ધન નગરમાં રહેતા દેવેન્દ્ર શાંતારામ પાટીલે આરોપી દીપલો રાજુ રાઠોડ, ધમલો રાજુ (રહે. ગોવર્ધન નગર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની ભાઈ જગદીશે સાથે આરોપીઓએ ઉછીના પૈસા બાબતે ઝઘડો કરી પેટના ભાગે ચપ્પુના ઘા ઝીંકી માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

જી. આઈ. ડી. સી. ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજ ખાતે એન્ડ્રોઈડ પ્રોગ્રામિંગ તેમજ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ઉપર તાલીમ યોજાઇ

નવસારી

આજ ના ડિજિટલ યુગમાંસ્માર્ટ મોબાઈલ ફોન એપ્લિકેશન અને ઈન્ટરનેટમાં વિકાસની હરણફાળ ભરી રહ્યુ છે. ઈન્ટરનેટ અને અત્યાધુનિક મોબાઈલ તથા કોમ્યૂનિકેશનની અદ્યતન ટેક્નોલોજીને લીધે ઈન્ડસ્ટ્રીયલ તથા હોમ ઓટોમેશન ક્ષેત્રે આઈ. ઓ. ટી. એટલે કે ઈન્ટરનેટ ઓફ થિંગ્સના માધ્યમ થકી નવા જ ટેક્નોલોજીના આયામો જોવા મળશે.

આ ટેક્નોલોજીના અમલીકરણની દિશામાં જી. આઇ. ડી. સી. ડિગ્રી એન્જીનીયરીંગ કોલેજના કોમ્પ્યુટર એન્જીનીયરીંગ વિભાગ દ્વારા ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી સાથે સંયુક્ત રીતે એન્ડ્રોઇડ પ્રોગ્રામિંગ અ હેન્ડસ ઓન અપ્રોચ વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) પ્રાયોજિત ડીઝાયનીંગ એમ્બેડેડ સિસ્ટમ્સ એન્હાન્સડ વિથ આઈ. ઓ. ટી. યુસીન્ગ માઈક્રો પાયથોન વિષય પર તાલીમ કાર્યક્રમ(શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ- જીૂ) યોજાયો હતો. આ અવસરે ટ્રસ્ટી સભ્યશ્રી સીએ વિનોદચંદ્ર જી. દેસાઈ, પ્રિન્સિપાલ ડો.નીરજ ડી. શર્માસહિત વિવિધ વિભાગોના વડા ,પ્રાધ્યાપક તથા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ઉધનામાં અકસ્માત બાદ બસ પર પથ્થરમારો કરનારને શોધતી પોલીસ

અકસ્માતમાં બે લોકોના મોત થતા ટોળાએ તોફાન મચાવ્યું હતું

સુરત

ઉધના બીઆરટીએસ બસે સર્જેલા ગમખ્વાર અકસ્માત વખતે ટોળાએ કરેલા પથ્થરમારો બનાવ અંગે ઉધના પોલીસે સીસીટીવી ફૂટેજની ચકાસણી હાથ ધરી હતી પથ્થરમારો કરીને સરકારી મિલકતને નુકસાન પહોંચાડનારની શોધખોળ હાથ ધરી છે.

ઉધના મેઈનરોડ સત્યનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે બસે બે જણાંનેક ચડી નાખવાની ઘટનાને પગલેવિફરેલા ટોળાંએ બસ ઉપર પથ્થરમારો કર્યાનો બનાવ અંગે ઉધના પોલીસે ૪૦ થી ૫૦ જણાંની ટોળી સામે રાયોટિંગ અને સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા સંદર્ભે ગુનો દાખલ કર્યો હતો. આ પથ્થરમારાની ઘટનાની તપાસ ઉધના પોલીસ મથકના પો.ઈ. ડી.ડી. પવાર કરી રહ્યાં છે.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તોફાન કરનારા ટોળાંની ઓળખ માટે પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ખંગાળવાનું શરૂ કરી દીધું છે. જોકે પથ્થરમારો કરનારાની હજુ ઓળખ થઈ શકી નથી. પોલીસે સૂત્રોના જણાવ્યા મુજબ સીસીટીવી ફૂટેજની આધારે તપાસ કરી ધરપકડનો દૌર હાથ ધરવામાં આવશે. પોલીસે હાલ આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત તૈનાત કર્યો છે. જેથી આવી દુર્ઘટના સમયે ત્વરિત રીતે તપાસ હાથ ધરી તોફાની ટોળાને કાબૂમાં લઈ શકાય.













નવસારીમાં કાતિલ ઠંડી સાથે તાપમાન ૭.૮ અને વલસાડ જિલ્લામાં ૧૧ ડિગ્રી

સુરતમાં પવનની ગતિ મંદ પડતા ઠંડીમાં ભારે રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં આજે પણ અડધાથી એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, પરંતુ આજે સુરતમાં પવનની ઝડપ ઓછી હોવાથી ઠંડીનો ચમકારો ઓછો અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં વાતાવરણમાં ફેરફારની સાથે તાપમાનમાં વધારો નોંધાશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૬.૩ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ હવાની ગતિ મંદ હોવાથી આજે ઠંડીનો અનુભવ ઓછો થઈ રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનત્તમ તાપમાન ૭.૮ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીમાં આજે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે.

વલસાડમાં આજે ન્યુનત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નજીવો ઘટાડો છતાં પણ પવન મંદ હોવાથી આજે ઠંડીથી રાહત મળી છે. આગામી દિવસોમાં ઠંડીનો જોર ધીરે ધીરે ઓછું થશે.

ભરૂચ જિલલા કલેક્ટર કચેરીમાં ઈવીએમ મશીનનું નિરીક્ષણ

લોકસભા ચૂંટણીની વહીવટી તંત્ર દ્વારા તૈયારી

અંકલેશ્વર

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે વહીવટી કચેરીઓમાં પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કલેક્ટર કચેરીમાં પણ કામગીરી તેજ બની રહી છે.

લોકસભાની ચૂંટણી સંદર્ભે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પ્રદેશ અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ ઈવીએમ મશીનનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ યુનુસ પટેલ, જિલ્લા પ્રવક્તા નાઝુ ફડવાલા, મહામંત્રી ફારૂક શેખ, અંકલેશ્વરના કોંગી અગ્રણી મગન માસ્તર, સુનિલ પટેલ, રાજેન્દ્ર સિંહ રાણા સહિત આગેવાનો હાજર રહ્યા હતા. ચૂંટણી શાખામાં આ ઈવીએમ મશીનના નીરક્ષણ સમયે ચૂંટણી અધિકારી ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા અને ઈવીએમ અંગે માર્ગદર્શન તેમજ જાણકારી આપી હતી.

અંકલેશ્વર પાલિકામાં ત્રણ વર્ષ પૂર્વે મંજૂર થયેલા કામો પુરા થયા નથી

સત્તાધીશો અને વહીવટી તંત્રની કાર્યક્ષમતા અંગે પ્રશ્નાર્થ

અંકલેશ્વર

અંકલેશ્વર નગરપાલિકાના અણઘડ અને આયોજન વિનાના વહીવટ સામે ખુદ સત્તાધીશ પદાધિકારીઓમાં જ વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

આમ પણ અંકલેશ્વર પાલિકાનાં સત્તાધીશો સુઆયોજિત વિકાસના નામે મીંડુ ધરાવે છે. આડેધડ કામો હાથ ધરનાર સત્તાધીશો જુના કામો પુરા કરવાની બાબતને ટલ્લે ચડાવી રહ્યા છે. નગરનાં કેટલાક વિસ્તારોમાં મંજૂર થયેલા કામો હજુ બે બે વર્ષ વીતી જવા છતાં શરૂ પણ નથી થયા અને નવા નવાં કામો ઝડપભેર હાથ પર લેવાઈ રહ્યા છે. જેની સામે પાલિકાના પદાધિકારીઓમાં જ આકોશ જોવા મળી રહ્યો છે. પાલિકા પ્રમુખ કે કારોબારી અધ્યક્ષ વિકાસને કઈ દિશામાં ગતિ આપી રહ્યા છે. એ સમજ બહારની વાત છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પ્રમુખ અધિકારી વર્ગને કડક ભાષામાં કઈ કહી શકતા નથી અને અધિકારી વગર પણ મનફાવે તેમ બહાના બતાવીને એમને જે કામો હાથ પર લેવા હોય એ જ લઈ રહ્યા છે. આમ પણ પાલિકાના એક જ અધિકારીને અનેક વિભાગોની જવાબદારી સોંપી દેવાતા એ પોતે જ સર્વસત્તાધીશ હોવાનો ફાંકો રાખીને ખુદ સત્તાધીશોને હેરાનગતિ કરી રહ્યો હોવાથી પણ ભારે અસંતોષ સત્તાપક્ષમાં ફેલાયો છે. જે રોજિંદા વિખવાદનું કારણ બન્યો છે. લાઉડ સ્પીકર લઈને ગામમાં જાહેરાતો કરતા આ મફલરી અધિકારી ગંદકી દૂર કરી શકતા નથી. તેમ છતાં તેમને શા માટે આવા કામો સોંપાય છે. એ સમજ બહારની વાત છે. જે અધિકારીની જે લાયકાત છે એમને એજ કામગીરી સોંપવાના બદલે આડેધડ જવાબદારી સોંપી દેવાતા વહીવટમાં નરી અરાજકતા ફેલાઈ ગઈ છે. વિકાસ જતન કરેલા વૃક્ષના બદલે આડેધડ ફૂટી નીકળતાં ગાંડા બાવળ જેવો થઈ રહ્યો છે અને સત્તાધીશો કે અધિકારીઓને રોકનાર કે ટોકનાર કોઈ નથી. સરવાળે હાલાકી તો પ્રજા અને હવે ખુદ પાલિકાના શાસક પક્ષના સભ્યો ભોગવી રહ્યા છે. પાલિકા સત્તાધીશોને સુઆયોજિત વહીવટ કેવી રીતે કરાય અને જૂના કામોને તાત્કાલિક પ્રાથમિકતા આપી પૂરા કરવા જોઈએ એવો સલાહ હવે કોણ આપશે એ જોવું રહ્યું !!

ભેંસાણ ખાતે બેફામ દોડતી ટ્રકે બાઈકને ઉડાવી દેતા ચાલકનું મોત

અકસ્માતમાં બાઈક સવાર અન્ય એક ઘાયલ

સુરત

ઓખાથી- ભેંસાણ ચાર રસ્તા તરફ જતા હાઈવે રોડ પર એક ટ્રક ચાલકે પૂરપાટ અને ગફલતભરી રીતે પોતાની ટ્રક હંકારતા એક બાઈક ચાલકને નીચે પાડી દઈ મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. જ્યારે પાછળ બેઠેલા યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. રાંદેર પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોર્યાસી તાલુકાના પાલ ગામ કુંભાર મહોલ્લામાં રહેતા ૨૪ વર્ષના યુવક મહેશભાઈ પટેલનો ભાઈ મેહુલ અને પ્રતિક મોટર સાઈકલ લઈને ઓખાથી ભેંસાણ તરફ આવતા હતા ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે હંકારી બાઈક ચાલકને ટક્કર મારી મેહુલ પટેલનું મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. જ્યારે બાઈક પાછળ બેઠેલા પ્રતિકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મેહુલ પટેલના ભાઈ મહેશ પટેલે રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં સુરતનો તોહીદ શેખ પ્રથમ ક્રમે

સુરત

ગુજરાત બોડી બિલ્ડીંગ એસોસીએટ દ્વારા ૧૨મી સિનિયર મિસ્ટર ગુજરાત મેઈન ફીઝીક્સ કેટેગરી સાથે અન્ય કેટેગરીની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરના રાંદેર ખાતે રહેતા તોહીદ અહમદ નિશાર શેખએ મેઈન ફીઝીક્સ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક મેળવી સુરતનું નામ રોશન કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા ખાતે ગુજરાત પબ્લિક સ્કૂલ પાસે આવેલ એસ.બી.જી. કેમ્પસમાં ગત તા.૨૭મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ૧૨મી સિનિયર મીસ્ટર૨ગુજરાત બોડીબિલ્ડિંગ, મેઈન-હ્યુમનવ ફીઝીક્સ ચેમ્પીયનશીપની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૬૯ જેટલા ગુજરાતના બોડી બિલ્ડરોએ ભાગ લીધો હતો. જેમાંથી સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી રંગઅવધુત સોસાયટી-૩ ખાતે રહેતા તોહીદ અહમદ નિશાર શેખ ઉ.વ.૩૦એ ૧૨મી સીનીયર મીસ્ટર ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધા ૧૮-૧૯માં પ્રથક ક્રમાંક મેળવી સુરતનો નામ રોશન કર્યું હતું. વધુમાં તોહીદે જણાવ્યું હતું કે તોહીદ પાછલા એક વર્ષથી મર્સલ એન્ડ માઈન્ડ ફીટનેશ હબમાં પ્રેક્ટીશ કરતો હતો. ચેમ્પીયનશીપમાં ભાગ લેવા માટે તોહીદને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તોહીદે ટ્રેનિંગ રીઝવાનભાઈ મિર્ઝા પાસે ટ્રેનિંગ લીધી હોવાનું તેમણે જણાવ્યું હતું.

બિલ્ડરની કારનો કાચ તોડી રોકડા રૂા. ૬.૭૭ લાખની ચોરી થતા ચકચાર

પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી

સુરત

કામરેજ-અબ્રામા ગામના યોગેશ્વર ફાર્મમાં પાર્ક કરેલી એક કારમાંથી બેગમાં મૂકેલા રૂા. ૬.૭૭ લાખના રોકડાની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાયો હતો. અજાણ્યા ઈસમે કાચ તોડી રોકડા રૂપિયાની ચોરી કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના વતની અને હાલ વરાછા સાધના સોસાયટીમાં રહેતા અનિલકુમાર કાનભાઈ વાઘાણી કન્સ્ટ્રકશન સાથે સંકળાયેલા છે. તેઓએ પોતાની કાર જીજે-૦૫-સીએસ-૧૬૪૬ કામરેજ- અબ્રામા ગામ યોગેશ્વર ફાર્મમાં પાર્ક કરી હતી. ગતરોજ સાંજના સુમારે તેમની કારના કાચ તોડી અજાણ્યા ઈસમોએ બેગમાં મૂકેલા રૂા. ૬.૭૭ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કામરેજ પોલીસ મથકમાં અનિલકુમાર વાઘાણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી-૩૭૯ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ પણ એકત્ર કર્યા હતા.

સગરામપુરાના યાર્નના વેપારી પાસે માલ ખરીદી ૪૧.૩૦ લાખની ઠગાઈ

ઉઘરાણી કરાતા ધમકી મળતા લસકાણાના ત્રણ વિરુદ્ધ અઠવા પોલીસમાં ફરિયાદ

સુરત

ત્રણ વેપારીએ વિશ્વાસ આપી યાર્નનો માલ ખરીદી બાકી રૂપિયા ૪૧.૩૦ લાખનું પેમેન્ટ કરવાને બદલે વેપારીને મારી નાખવાની ધમકી આપી હતી. સિટીલાઈટ રોડ મોનાલિસા પાર્કમાં રહેતા સંજય બીપીનભાઈ અગ્રવાલે આરોપી ચંદ્રેશ કે. કુકડીયા (જે.પી. ટેક્ષટાઈલ્સ) કુરજી એન કુકડીયા (શૈલેષ ટેક્ષટાઈલ્સ), હેન્સી ટેક્ષટાઈલ્સના પ્રોપ્રાઈટર) લસકાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીની સગરામપુરા જીવનદીપ કોમ્પલેક્ષ ખાતેની ઓફિસે આવી વિશ્વાસ આપી રૂપિયા ૧,૨૮,૬૮,૨૨૫ની કિંમતનો યાર્નનો જથ્થો ખરીદી કર્યો હતો. જે અંગે આરોપીઓએ રૂા. ૫૭,૩૭,૩૮૩ ચૂકવ્યા હતા. જયારે બાકીના રૂપિયા ૪૧,૩૦,૮૪૩ નહીં ચૂકવતા ફરિયાદીએ બાકી પેમેન્ટની ઉઘરાણી શરૂ કરી હતી, પરંતુ પેમેન્ટ ચૂકવવાને બદલે મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અઠવા પોલીસે ફરિયાદ નોંધી તપાસ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
(PLAN - A)
(PLAN - B)
માત્ર ૫૫૦/-માં
PLAN - A
LEVEL INCOME
1st 80/-
2nd 60/-
3rd 50/-
4th 40/-
5th 30/-
માત્ર ૩૦૦૦/-માં
PLAN - B
LEVEL INCOME
1st 600/-
2nd 400/-
3rd 300/-
4th 200/-
5th 100/-
6th 50/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 શરદ જાદવ 7575006849 રવિ પટેલ 7574888860 અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





ડેડીયાપાડા તાલુકાના ખુપર બરસણ ગામે આજથી શરૂ થનારો પ્રકટીકરણ મહોત્સવનો હિન્દૂ સમાજ દ્વારા વિરોધથી વિવાદ



નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં કથિત ધર્માંતરણની પ્રક્રિયાનો વિરોધ
હિન્દુઓને ભરમાવી જો ધર્માંતરણ કરાવ્યું તો ખેર નથી :VHP
વિશ્વ હિન્દૂ પરિસદ,બજરંગ દળ અને ગ્રામજનો દ્વારા આવા કથિત ધર્માંતરણના કાર્યક્રમોની મંજૂરી નહિ આપવા રજૂઆત.

રાજપીપળા:નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકા ખુપર બરસણ ગામે કથિત ધર્માંતરણનો એક કિસ્સો બહાર આવ્યો છે. ડેડીયાપાડાના ગ્રામજનો,વિશ્વ હિન્દૂ પરિષદ,બજરંગ દળે નર્મદા જિલ્લા કલેકટરને આ મામલે રજુઆત કરી એવો આક્ષેપ કર્યો છે કે મિશનરી દ્વારા યોજવા જઈ રહેલા પ્રકટીકરણ મહોત્સવએ કથિત ધર્માંતરણ માટેનો છે.જેથી આ કાર્યક્રમને મંજૂરી નહિ આપવા અને જો અપાશે તો હિન્દૂ સંગઠનો ઉગ્ર આંદોલન ચલાવશે એવી ચીમકી આપતા વિવાદ સર્જાયો છે.ત્યારે હવે તંત્ર દ્વારા આ કાર્યક્રમને મંજૂરી આપવામાં આવે છે કે પછી આ કાર્યક્રમ વગર મંજુરીએ કરવામાં આવે છે તેું રું.

નર્મદા જિલ્લા કલેકટરને પોતાની રજુઆતમાં ડેડીયાપાડાના ગ્રામજનો,વિશ્વ હિન્દૂ પરિષદ,બજરંગ દળે આક્ષેપ સાથે જણાવ્યું હતું કે લોભ અને લાલચ આપી મિશનરી દ્વારા ધર્માંતરણ કરી આદિવાસીઓને ગેરમાર્ગે દોરવામાં આવે છે.ભોળા અને અશિક્ષિત આદિવાસીઓમાં અંધશ્રદ્ધાનો ખોટો દાખલો આપી લોકોને ધર્માંતરણ કરવામાં આવે છે.આવા ગંભીર આક્ષેપો સાથે વિશ્વ હિન્દુ પરિષદના સંગઠન આગેવાન સોનજી વસાવા,જિલ્લા પ્રમુખ નિશિથ ટેલર, અજીતસિંહ રાઠોડ, પ્રજ્ઞેશ રામી સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો ભેગા થઈ જિલ્લા કલેક્ટરને રજુઆત કરી હતી.પોતાની આ રજુઆતમાં ડેડીયાપાડા તાલુકાના ખુપર બરસણ ગામે ૧ ફેબ્રુઆરીથી ૬ ફેબ્રુઆરી દરમિયાન ત્રીજો પ્રકટીકરણ મહોત્સવનું આયોજનમાં કથિત ધર્માંતરણ કરાઈ રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ લગાવી આ કાર્યક્રમની મંજૂરી નહિ આપવાની માંગ કરાઈ છે. અને ધર્માંતરણ જેવી પ્રવૃત્તિ જો ધ્યાને આવે તો એમની સામે પગલાં લેવાની પણ માંગ કરાઈ છે.આ સાથે ગ્રામજનોએ એવી પણ રજુઆત કરી છે કે કથિત ધર્માંતરણથી ગામડામાં ઝગડા વધ્યા છે.આદિવાસી રીતરિવાજ ભૂલાયા છે.કથિત ધર્માંતરીત વ્યક્તિઓ કુળદેવી યાહા મોગીને માનતા નથી.કુટુંબોમાં સામાજિક વ્યવહારમાં ઝગડા થાય છે.

બુલેટ ટ્રેન જમીન સંપાદન અંગે ૭ ફેબ્રુઆરીએ ચુકાદો

સુરત

દક્ષિણ ગુજરાતના ખેડૂતો દ્વારા બુલેટ ટ્રેન અંગેની જમીન સંપાદન મામલે હાઈકોર્ટમાં રીટ દાખલ કરવામાં આવી હતી. જે બનાવમાં હાઈકોર્ટમાં ચુકાદો હતો. જોકે જજમેન્ટ અધૂરું હોઈ આવતા ગુરુવારે આ અંગે ચુકાદાની તારીખ આપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેકટ એવા બુલેટ ટ્રેન અંગે દક્ષિણ ગુજરાતના ખેડૂતો પહેલાથી જ વિરોધ નોંધાવી રહ્યા છે. ૧૯૨ ગામોના ૩૫૦૦ જેટલા પરિવારની જમીન આ બુલેટ ટ્રેન પ્રોજેકટ અંતર્ગત જઈ રહી છે. જંત્રી મુજબ નહિ, પરંતુ બજાર કિંમતે પોતાની જમીનના રૂપિયા ચૂકવવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગણી કરવામાં આવી હતી. જો કે સરકાર તરફથી જંત્રી મુજબ પૈસા આપતા ખેડૂતોએ હાઈકોર્ટમાં રીટ દાખલ કરી હતી. જે અંગે હાઈકોર્ટમાં ચુકાદો આવનાર હતો. જોકે જજમેન્ટ અધૂરું હોઈ આ કેસમાં ૭મી ફેબ્રુઆરીએ ચુકાદા અંગે તારીખ પડી હતી.

જે રીતે ખેડૂતો દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો હતો તે અંગે જાપાનની ઝીકા સંસ્થા દ્વારા પણ ખેડૂતોની સાથે મિટિંગ કરી સ્થળ વિઝીટ કરવામાં આવી હતી. આ અંગે ઝીકાએ સરકારને પોતાનો રિપોર્ટ પણ આપ્યો છે. હાલ ખેડૂતોને આશા છે કે જે ચુકાદો આવશે તે ખેડૂતોના પક્ષમાં જ આવશે.

તા.૧૫ મીએ નવસારી પોસ્ટખાતાની ડાક અદાલત યોજાશે

નવસારી

સિની.સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવિઝન દ્વારા તા.૧૫/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાનારી પોસ્ટખાતાની ડાક અદાલત તથા પેન્શન અદાલતમાં ટપાલખાતાના નિતિ વિષયક મુદ્દાઓ સિવાયની અને ટપાલ સેવા પૈકી એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો ડેપ્યુટી મેનેજર કસ્ટમર કેર સેન્ટર, ઓફિસ ઓફ સિનિયર સુપ્રીટેન્ટડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ નવસારી ડિવિઝન નવસારી-૩૯૬૪૪૫ ને તા.૮/૨/૨૦૧૯સુધીમાં મળી જાય તેવી રીતે મોકલવાની રહેશે. સમયમર્યાદાબાદ મળેલ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજપીપળા સરકારી ઓવારે અને એસટી ડેપો માં મળેલ અજાણ્યા વ્યક્તિઓના મૃતદેહની દફન વિધિ કરાઈ



રાજપીપળા સરકારી ઓવારે પાણીમાં ડૂબી જતા મોતને ભેટેલ વ્યક્તિ અને એસટી ડેપોમાં મૃત હાલતમાં મળેલા બંને અજાણ્યા વ્યક્તિઓ મુસ્લિમ હોવાની ઓળખ થતા દફનવિધિ કરાઈ

રાજપીપળા : રાજપીપળા શહેરના સરકારી ઓવારે અને એસટી ડેપો માં મૃત હાલતમાં મળેલા બે અજાણ્યા વ્યક્તિઓ ના મૃતદેહની કોઈ ઓળખ ન થઈ પરંતુ એ મુસ્લિમ હોવાની જાણ થતા આ બિનવારસી મૃતદેહોની પ્રાથમિક રીત રિવાજ મુજબ લાશની અંતિમવિધી કરવા માટે રાજપીપળાની મોહદીષે આઝમ મિશન સંસ્થાને રાજપીપળા પોલીસે જાણ કરતા મોહદીષે આઝમ મિશનના પ્રમુખ શાહનવાજ પઠાણને મૃતદેહ સોંપાયા બાદ આ મૃતદેહોની મુસ્લિમ રીતરિવાજ મુજબ દફન વિધિ કરી જેમાં રાજપીપળા નવાફળિયાના નવયુવાન અને માનવતા ધરાવતા કાર્યકરો પૈકી ઈસ્માઈલભાઈ ,ઈબ્રાહીમભાઈ , મોહમ્મદભાઈ, બાલાભાઈ ,રફીકભાઈ,સાજીદભાઈ અને મોહદીષે આઝમ મિશનના અન્ય કાર્યકરોના સહયોગથી આ દફન વિધિ કરી હતી ત્યારે આ તબક્કે રાજપીપીપળા નિઝામશાહ દરગાહના પેશ ઈમામ કાદરી બાપુ એ મયતની જનાજાની નમાજ પઢાવી હતી અને રાજપીપળાના સુન્ની કબ્રસ્તાનમાં મુસ્લિમ રીતિ રિવાજથી તેમની દફન વિધી કરી હતી.

ભરૂચ ખાતે દિવ્યાંગ બાળકો માટે વોલીબોલ રન ફોર યુનિટી દોડનું આયોજન કરાયું



ભરૂચમાં વિકલાંગ બાળકોની શાળા કલરવ દ્વારા સ્પેશ્યલ ઓલંમ્પીક અંતર્ગત દિવ્યાંગ બાળકો માટે રન ફોર વોલીબોલ અને સ્પીરીટ ફોર યુનીટી દૌડનું આયોજન કરાયું હતું.

જેમાં દિવ્યાંગ દોડવીરોએ ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલે લીલી ઝંડી આપી આરંભ કરાવ્યો હતો. આ દોડમાં દિવ્યાંગ દોડ વીરો હોસ્ટેલ ગ્રાઉન્ડથી સ્ટેચ્યુ પાર્ક અને સ્ટેચ્યુ પાર્ક થી હોસ્ટેલ ગ્રાઉન્ડ સુધી ૧ કી.મી. દોડયા હતા. તો ૧૨ વર્ષ ઉપરના દિવ્યાંગ દોડવીરો હોસ્ટેલ ગ્રાઉન્ડ થી શ્રવણ ચોકડી અને ત્યાંથી પરત હોસ્ટેલ ખાતે આવી દોડનું સમાપન કર્યું હતું.

પ્રસંગે વિજેતા પ્રથમ દ્વિતય અને તૃતિય આવનાર દિવ્યાંગ દોડવીરો ને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. રોટરીના પાસ્ટ ડીસ્ટ્રીકટ ચેરમેન પરાગ શેઠ,બી.ટી.ઈ.ટી.ના અનીશ પરીખ, કલરવ શાળાના નીલાબેન મોદી તથા જાયન્ટ ગૃપના પ્રમુખ ગૌતમ મહેતા,આર.સી.સીઆ જે.પી.પટેલ તથા આમંત્રીતો ઉપસ્થિત રહી દિવ્યાંગ દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

લવાછા ઝેડ.એમ. પટેલ હાઈસ્કૂલમાં ધારાસભ્ય મુકેશ પટેલ દ્વારા ધ્વજવંદન

વેન્ડિંગ મશીન, પાણીની પરબ અને ડિસ્પોઝલ મશીનનું લોકાર્પણ

સુરત

તા.૨૬-૧-૨૦૧૯નાં રોજ લવાછા ચોર્યાસી પ્રા.શાળા મુકામે ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી સંજયભાઈ શર્મા (એલ એન્ડ ટી કંપની, ચીફ એક્ઝીક્યુટીવ) તથા આરાધના શર્માના હસ્તે કરવામાં આવી. તેમજ લવાછા ઝેડ.એમ. પટેલ હાઈસ્કૂલનું ધ્વજવંદન ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ ઝેડ. પટેલના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે લવાછા ચોર્યાસી પ્રા.શાળા ખાતે એલ એન્ડ ટી દ્વારા તૈયાર કરવામાં આવેલ એક્ટીવીટી રૂમ, ડીજીટલ રૂમ તથા કોમ્પ્યુટર રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેનો ખર્ચ રૂા.૧૭.૫ લાખ જેવો છે. સાથે ઝેડ.એમ. પટેલ હાઈસ્કૂલ મુકામે પાણીની પરબ, વૃક્ષારોપણ, વેન્ડિંગ મશીન, ડીસ્પોઝેબલ મશીન એલ એન્ડ ટી દ્વારા લોકાર્પણ થયું. જેનો ખર્ચ ૨૩ લાખ જેટલો છે. આમ વિદ્યાર્થીઓ માટે એલ એન્ડ ટી દ્વારા એક ઐતિહાસિક આર્થિક મદદ થઈ. આ પ્રસંગે અન્ય મહેમાનો તરીકે મનુભાઈ પટેલ, અલ્પાબેન પટેલ તથા અશોકભાઈ પટેલ, વિક્રમભાઈ પટેલ, પ્રમુખ અને પ્રવિણભાઈ પટેલ માનદમંત્રી તથા શાળાના આચાર્ય મનીષભાઈ પટેલ તથા ઝેડ.એમ. પટેલના આચાર્ય શંકરભાઈ દેસાઈ તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગોડાદરા નીલકંઠ સોસાયટીમાં ગેસ સિલીન્ડર લીક થતા આગ

આગમાં જાનહાનિ ટળી : ઘરવખરી અને ફર્નિચર સળગી ગયું

સુરત

આજે સવારે ગોડાદરા નીલકંઠ સોસાયટીમાં ગેસ સિલિન્ડર લીકેજ થવાથી આગ લાગતા ઘરવખરી સામાન સળગી ગયો હતો. બનાવ અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે ગોડાદરા નીલકંઠ સોસાયટી પ્લોટ નં. ૭૧૧માં રહેતા પપ્પુભાઈના મકાનમાં આગ લાગી હોવાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. તાત્કાલિત ફાયર સ્ટાફ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. ગેસ સિલિન્ડર લીકેજ થયો હોવાથી આગ લાગી હતી. આગથી ઘરવખરી, સામાન અને ફર્નિચર સ્વાહા થઈ ગયુ આગથી સદ્નસીબે કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર ઓફિસર મનોજ શુકલાની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.

રાંદેરમાં ઝઘડાની અદાવતમાં પતિ-પત્ની પર ચપ્પુથી હુમલો

સુરત

રાંદેર-બાપુનગર બોરડી વિસ્તારમાં મોપેડ ચલાવવા બાબતે ઝઘડો થતા જેની અદાવત રાખી ૪ ઈસમોને દંપતી પર ચપ્પુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. રાંદેર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ મહારાષ્ટ્ર-માલેગાંવના વતની અને હાલમાં રાંદેર બોરડી વિસ્તારમાં રહેતા મોહિત ઉસ્માન શેખ સાથે ગલીમાં મોપેડ ચલાવવા બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપી અપ્પુ ઈરફાન કાલિયો, મોહસીન અપ્પુ, અન્નુ કેસેટ (કોસાડ આવાસ) વિગેરેઓએ મોહિત ઉસ્માન શેખ તથા તેની પત્ની શબાના તથા બચાવવા પડેલાં ઈસ્માઈલ શાયુ શુબશા પર ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. આ સાથે આરોપીઓએ કાર પર લાકડાના ફટકા મારી કાચ તોડી નાખ્યા હતા. રાંદેર પોલીસે આઈપસી-૩૨૩, ૩૨૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.





રાજપીપળા નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની સરાહનીય કામગીરીથી લોકને રાહત

આશાપુરી મંદિર પાસે ગટરની તકલીફની ફરિયાદ મળતાજ ખુદ પ્રમુખ જિગીષાબેને વિઝિટ કરી



મામૂલી ગટર કે શૌચાલય જેવી બાબતની ફરિયાદમાં પણ ટિમ સાથે ખુદ પ્રમુખ કે ચીફ ઓફિસરની સીધી દેખરેખ

રાજપીપળા : રાજપીપા નગરપાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ અને ીફ ઓફિસર અમિતભાઈ પંયાની કામગીરી થી શહેરની જનતાને ઘણો સંતોષ મળી રહ્યો છે કેમકે નાનામાં નાની ફરિયાદ પર પણ બંને જાતેજ ધ્યાન આપી તાત્કાલિક ફરિયાનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે .

થોડા દિવસ પહેલાજ મુખ્ય માર્ગ પરના શૌચાલય બાદ વાઘરીવાડની ભૂગર્ભ ગટર જેવી બાબતે ખુદ ચીફ ઓફિસરે ખડે પગે રહી કામગીરી કરાવી હતી ત્યારે બુધવારે આશાપુરી મંદિર ની બાજુની ગટરની તકલીફ બાબતે ત્યાંના એક સ્થાનિક અગ્રણી જનકભાઈ મોદીએ

પ્રજાએ પણ પૂરતો સહકાર આપવો જોઈએ : જનક મોદી

આ બાબતે આશાપુરી ખાતે રહેતા અગ્રણી જનકભાઈ મોદીએ જણાવ્યું કે જો પાલિકા પ્રમુખ તાત્કાલિક અમારે ફરિયાદ પર ધ્યાન આપી જરૂરી પગલાં લેવડાવી તકલીફ દૂર કરતા હોય ત્યારે પ્રજા એ પણ સ્વછતા સહિતની અમુક બાબતે પૂરતો સહકાર આપી પોતાની જવાબદારી સમજવી જોઈએ ત્યારેજ આપણું ગામ સ્વચ્છ અને રોગમુક્ત બનશે.



પાલિકા પ્રમુખનું ધ્યાન દોરતા તુરત જિગીષાબેન ભટ્ટ પોતે ત્યાં ગયા અને પાલિકા ટીમને તુરત કામે લગાવી ફરિયાદનું નિરાકરણ લાવવા કામગીરી શરુ કરવામાં આવી હતી આમ નાની કે મોટી ફરિયાદ માં જાતે સીઓ અને પ્રમુખ દ્વારા સ્થળ તપાસ કરી તાત્કાલિક એનો ઉકેલ લવાતા રાજપીપળાની જનતામાં પાલિકાની કામગીરી સરાહનીય હોવાની વાત સંભળાઈ રહી છે.

ભરૂચ ને.હા.નં-૪૮ ઉપરથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ યુડાસમા નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દારૂ તેમજ જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના મળેલ જે અનુંસધાને એલ.સી.બી ના પો.સ.ઈ એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ વાય.જી.ગઢવી તેમજ ટીમના પોલીસ માણસો પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અ.હે.કો અજયભાઈ નંબર ૪૮ નબીપુર નજીક આવેલ હોટલ પરવાનાના સાથે તેના ચાલક ફીરોજ ઉર્ફે સલામ માલેકુમ કાન નં ૧/૨ સરફુભાઈ જમાદારના મકાનમાં આજવા રોડ વડોદરાને ઝડપી પાડી ટ્રકના કેબિનમાં પાછલા ભાગે બનાવેલ ચોર ખાનામાં સંતાડેલ વિદેશી દારૂ બિયર ની કુલ પેટી ૩૩૦ જેની કિંમત રૂ.૧૪,૪૯,૬૦૦/- સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૨૯,૫૪,૯૬૦/- કબ્જે કરી વધુ તપાસ માટે નબીપુર પો.સ્ટે.માં તપાસ માટે ગુનો દાખલ કર્યો છે

જુગારના રોકડા રૂપિયા ૨૮૩૧૦નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

વડોદરા રેન્જ પોલીસ મહાનીરીક્ષક અભયસિંહ ચુડાસમા તથા ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં પ્રોહી/જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં અ.હે.કો. બીપીનચંદ્ર મોહનભાઈ બ.નં- ૧૧૮૩ નાઓને મળેલ બાતમી આધારે અંકલેશ્વર શહેર મ.નં.૫૩ અંબીકાનગર દિવા રોડ તા. અંકલેશ્વર જી.ભરૂચ ખાતે પત્તા- પાનાના જુગાર અંગેની રેડ કરતા હાજર પાંચ આરોપી નં ૧) રાહુલભાઈ અરવિંદભાઈ વસાવા રહે.મ.ન.૫૩ અંબીકાનગર દિવા રોડ,અંકલેશ્વર શહેર તા-અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહેવાસી બોઈદ્રા નીશાળ ફળીયા તા-અંકલેશ્વર જી.ભરૂચ તથા બીજા ચાર ઈસમો પત્તાપાના જુગાર રમતા મળી આવતા તેઓની અંગ ઝડતી તથા દાવના રોકડા કિ.રૂ.૨૮૩૧૦ પતા - પાના રમવાના મુદામાલ સાથે પકડાઈ ગયેલ જે પાંચેય આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૪-૫ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર જે.જી.અમીન તથા અ.હે.કો. બિપીનચંદ્ર મોહનભાઈ વગેરે અંકલેશ્વર પો.સ્ટે. સ્ટાફ જોડાયો હતો.

રાજપીપળામાં આડેધડ ચાલતી નોનવેજની લારીઓ અન્યત્ર હટાવવા વીએચપી એ આપ્યું આવેદન



આવી તમામ લારી ગલ્લા વાળાઓ ફૂડ લાઈસન્સ વગર ધંધા કરતા હોય મુખ્ય મા?ગ પરથી હટાવવા માંગ ,નહીતો ઉગ્ર આંદોલનની ચીમકી

રાજપીપળા : નર્મદા જિલ્લા વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગદળના કાર્યકરો પૈકી વીએચપી અધ્યક્ષ નિશિથ ટેલર,બજરંગ દળ સંયોજક પ્રજ્ઞેશ રામી,શહેર પ્રમુખ અંકુર ઋષિ,દુર્ગાવાહીની પ્રમુખ સ્નેહાબેન ઋષિ સહિતના કાર્યકરોએ પાલિકાના ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યાને આવેદન આપી રજુઆત કરી કે રાજપીપળા કાળાધોળા અને એસટી ડેપો સહિતની કેટલીક જગ્યાઓ પર મુખ્ય માર્ગો પર ચાલતી નોનવેજની લારી ગલ્લાઓને માર્ગ ઉપરથી હટાવી અન્યત્ર જગ્યા આપી ખસેડવા તાત્કાલિક પગલાં લેવાય કારણકે રસ્તે ચાલતી આવી લારીઓ પાસેથી જતા આવતા લોકોની લાગણી દુભાય છે અને ધર્મ ભ્રષ્ટ થતો હોવાથી આડેધડ ચાલતી આ લારીઓને હટાવો અને જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો અમે ઉગ્ર આંદોલન કરીશું તેવી ધમકી પણ આ આવેદનમાં કરવામાં આવી છે .

સાથે એવી પણ રજુઆત કરાઈ છે કે આ તમામ લારી ગલ્લા વાળાઓ પાસે ફૂડ લાઈસન્સ પણ નથી માટે એક તરફ દબાણ અને નિયમનું ઉલ્લઘન કરી ગેરકાયદેસર ચાલતી આવી લારીઓ મુખ્ય માર્ગો પરથી હટાવી અન્ય જગ્યાએ લઈ જવાય એવી માંગ વીએચપી અને બજરંગદળના કાર્યકરો દ્વારા કરવામાં આવતા પાલિકાના સીઓ એ આ માટે તપાસ કરી યોગ્ય કરવા જણાવ્યું હતું.

રામપુરા વિનસ હોસ્પિટલમાં

તબીબની બેદરકારીથી મહિલાનું મોત થયાના આરોપ સાથે હંગામો

મૃતક મહિલાના પરિવારે હોબાળો મચાવતા પોલીસ દોડી ગઈ

સુરત

હજુ તો અત્યંત આધુનિક અને સેવા માટે કાર્યરત થયેલી વિનસ હોસ્પિટલનું ઉદ્ઘાટન થયાના આજે બીજા દિવસે વૃદ્ધાનું મૃત્યુ થતા પરિવારજનોએ હોસ્પિટલના તબીબોની બેદરકારીને કારણે મૃતયુ થયાનો આક્ષેપ સાથે હોબાળો મચાવતા પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કતારગામ કુબેરનગરમાં રહેતા ઉષાબેન કાનજીભાઈ પરમાર ઉ.વ.૬૪ને હાર્ટઅટેક આવતા શુક્રવારે નવનિર્મિત વિનસ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તબીબી પરીક્ષણ બાદ આજે હૃદયમાં સ્ટેન્ડ બેસાડવા માટેનું ઓપરેશન દરમિયાન આ વૃદ્ધાનું મૃત્યુ થયું હતું. આ સંદર્ભે પરિવારજનોએ હોસ્પિટલના તબીબોની બેદરકારીને કારણે મૃત્યુ થયુ હોવાનો આક્ષેપ કર્યો હતો. પરિવારજનોએ ભારે હોબાળો મચાવતા પોલીસ ઘટના સ્થળે ધસી જઈ તપાસ હાથ ધરી છે.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE -NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004